Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 252 Dt.05-08-2022 (Friday)
સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# મોંઘવારીના પ્રશ્ને કોંગ્રેસની ઉગ્ર લડતઃ દિલ્હીમાં ૧૪૪ મી કલમ લાગુ

## મોંઘવારીના પ્રશ્ને સરકાર પર રાહુલ ગાંધીના આકરા પ્રહારો, દેશની પ્રજા મોંઘવારીના ભાર હેઠળ પીસાઈ રહી છે પણ સરકારને દેખાતું નથી

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૫

કોંગ્રેસ મોંઘવારીના પ્રશ્ને આકરા પાણીએ આવી ગઈ છે અને આજથી રસ્તા પર ઉતરી પડી છે. દિલ્હી સહિત દેશભરમાં કોંગ્રેસે મોંઘવારી અને બેરોજગારીના વિરોધમાં ઉગ્ર આંદોલન અભિયાનના શ્રીગણેશ કર્યા છે. જેના પગલે રાજધાની દિલ્હી અને કોંગ્રેસનું મુખ્યાલય કોંગ્રેસ છાવણીમાં ફેરવાઈ ગયા છે. આજે કોંગ્રેસના તમામ સાંસદો રાષ્ટ્રપતિ ભવન તરફ કુચ લઇ જશે અને પીએમ હાઉસનો ઘેરાવ પણ કરવામાં આવનાર છે. આથી ચારેતરફ પોલીસનો જંગી કાફલો ખડકી દેવામાં આવ્યો છે.







આજે દેશભરમાં ઉગ્ર દેખાવો દિલ્હીમાં કોંગ્રેસના નેતાઓ અને સાંસદો રાષ્ટ્રપતિ ભવન કુચ કરશેઃ દેશભરમાં કોંગ્રેસની રાજભવન તરફ કુચઃ તાલુકા જિલ્લા સ્તરે દેખાવો

### ચલો રાષ્ટ્રપતિ ભવન અને પીએમ હાઉસને ઘેરાવના એલાનથી દિલ્હીમાં લોખંડી સુરક્ષા બંદોબસ્ત

રાહુલ ગાંધીએ મોંઘવારી અને બેરોજગારીનાં પ્રશ્ને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વિશ્વમાં સૌથી વધુ બેરોજગારી ભારતમાં છે પણ સરકારને દેખાતી નથી.

સવારથી કોંગ્રેસનાં નેતાઓ અને સાંસદો કોંગ્રેસના વડામથકે એકત્ર થઇ ગયા હતા. જંગી સંખ્યામાં કાર્યકરો પણ ઉમટી પડ્યા હતા અને સરકાર વિરોધી જોરદાર નારેબાજી શરૂ થઇ ગઈ હતી. ઉગ્ર આંદોલનના એલાનને પગલે આખા દિલ્હીમાં ૧૪૪ મી કલમ લાગુ કરી દેવામાં આવી છે. કોંગ્રેસ વડામથકની બહાર જંગી પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. ગઈકાલ રાતથી કોંગ્રેસનાં કાર્યકરો દેશભરમાંથી અહીં ઉમટી પડ્યા છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે એવો આક્ષેપ કર્યો હતો કે, સરકાર અમને મોંઘવારી સામે વિરોધ કરતા રોકવા માંગે છે. સવારે કોંગ્રેસ વડામથકમાં ખાસ પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ પક્ષના તમામ મોટા નેતાઓની હાજરીમાં કહ્યું હતું કે, કોંગ્રેસ મોંઘવારી અને બેરોજગારીનો વિરોધ કરી રહી છે. આજે દેશના લોકો

(અનુ.પાના નં.૪ ઉપર)

### રાહુલ અને પ્રિયંકા ગાંધીની અટકાયત

દિલ્હી બન્યું રણમેદાન, કોંગ્રેસની રાષ્ટ્રપતિ ભવન કુચ પહેલા જ કોંગ્રેસનાં વડામથકેથી પ્રિયંકા ગાંધી અને અનેક કાર્યકરોની અટકાયત, કોંગ્રેસનાં નેતાઓએ કાળાવસ્ત્રો પહેરી વિરોધ કર્યો, સેંકડો કાર્યકરો રસ્તા પર બેસી ગયાઃ વિજય ચોકમાંથી રાહુલ ગાંધીની અટકાયત

# મુંબઇ-અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ દોડાવવા તૈયારી



## ટ્રેનની સ્પીડ કલાકમાં ૧૬૦ કિલોમીટર રહેશે

(એજન્સી સમાચાર)

મુંબઈ,તા.૫:

મુંબઈથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટે રેલવે મંત્રાલય કમર કસી રહ્યું છે ત્યારે આ જ કોરિડોરમાં વંદે ભારત એક્સપ્રેસ દોડાવવાનો તખતો તૈયાર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત પશ્ચિમ રેલવેને ટૂંક સમયમાં એક રેક મળશે એ વાતને પશ્ચિમ રેલવેના અધિકારીએ તાજેતરમાં સમર્થન આપ્યું હતું. તેજસ એક્સપ્રેસના માફક અઠવાડિયામાં છ દિવસ દોડાવાતા શિડ્યુલના માફક આ જ પ્રકારે વંદે ભારતનું શિડ્યુલ હશે. મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ વચ્ચે અઠવાડિયામાં છ દિવસ દોડાવવામાં આવશે, જયારે ટ્રેનની સ્પીડ કલાકના ૧૬૦ કિલોમીટર ઝડપની રહેશે. મુંબઈ સેન્ટ્રલથી અમદાવાદ વચ્ચેના ત્રણ હોલ્ટ સ્ટેશન (સુરત, વડોદરા અને ગેરતપુર) રહેશે. હંગામી ધોરણે તૈયાર કરવામાં આવેલી યોજના અંતર્ગત બંને સ્ટેશન

(અનુ.પાના નં.૪ ઉપર)

# તમામ લોન મોંઘી બનશે, રેપોરેટમાં વધારો

## રીઝર્વ બેંક દ્વારા નિર્ણયની જાહેરાત, રેપોરેટમાં ૦.૫૦ ટકાનો વધારો કરાયોઃ હોમલોનનાં માસિક હપ્તામાં રૂ.૯૦૦ નો વધારો થઇ જશે




નવી દિલ્હી, તા.૫

મોંઘવારી વધવાની સાથે- સાથે હવે ભારતીય રીઝર્વ બેંક દ્વારા રેપોરેટમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. એટલે હવે હોમલોનથી માંડીને ઓટો અને પર્સનલ તમામ લોન મોંઘી બની જશે અને ઈએમઆઈમાં પણ વધારો થઇ જશે. ગઈકાલથી વ્યાજદર અંગે નિર્ણય લેવા મોનીટરી પોલીસીની બેઠક ચાલી રહી હતી. બેઠક બાદ આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે જાહેર કર્યું હતું કે, રેપોરેટ ૪.૯૦ ટકાથી વધારીને ૫.૪ ટકા કરવામાં આવ્યું છે.

રીઝર્વ બેંક દ્વારા નાણાંકીય વર્ષ- ૨૦૨૩ માટે જીડીપી ગ્રોથનો અંદાજ ૭.૨ ટકા યથાવત રાખવામાં આવ્યો છે. જયારે મોંઘવારી દર ૬.૭ ટકા અંદાજવામાં આવ્યો છે. રેપોરેટમાં વધારાને કારણે ૨૦ વર્ષની મુદ્દતની રૂ.૩૦ લાખની હોમલોનનાં ઈએમઆઈમાં રૂ.૯૦૦ નો વધારો થઇ જશે. કાર લોન અને પર્સનલ લોન પણ મોંઘી બનશે.

રેપોરેટ એ વ્યાજદર છે. જેના પર બેંકો આરબીઆઈ પાસેથી લોન લેશે. જયારે રીવર્સ રેપોરેટ એ દરને કહે છે જેના પર બેંકો આરબીઆઈમાં પૈસા જમા કરે છે અને આરબીઆઈ તેમને વ્યાજ આપે છે. અત્યારે રીવર્સ રેપોરેટમાં કોઈ ફેરફાર કરાયો નથી અને ૩.૩૫ ટકા પર યથાવત છે. જયારે- જયારે રેપોરેટ વધે છે ત્યારે વ્યાજદરમાં વધારાને કારણે ગ્રાહકો માટેનું ધિરાણ મોંઘુ થાય છે. આ વર્ષે ત્રણ વખત વ્યાજદર વધારવામાં આવ્યા છે. નાણાંકીય વર્ષની પહેલી બેઠક એપ્રિલમાં થઇ હતી. ત્યારે રેપોરેટ ૪ ટકા પર સ્થીર રહ્યો હતો. એ પછી ૪.૪૦ ટકા કરી દેવાયો હતો અને ૫.૪૦ ટકા કરી દેવામાં આવ્યો છે. હોમલોનનાં વ્યાજદર બે પ્રકારે હોય છે. એક લોન પ્લોટર અને બીજી ફ્લેક્ષીબલ હોય છે. પ્લોટરમાં તમારી લોનનું વ્યાજદર પહેલેથી છેલ્લે સુધી એકસરખો રહે છે. એટલે રેપોરેટમાં ફેરફારથી પણ કોઈ ફરક પડતો નથી. જયારે ફ્લેક્ષીબલ



વ્યાજદર લેવાથી રેપોરેટમાં ફેરફાર સાથે લોનનાં વ્યાજદરમાં પણ ફેરફાર થાય છે.(૨.૧૨)

# કાલે કેજરીવાલનો જામનગરના વેપારીઓ સાથે સંવાદ

## વેપારીઓને પડતી મુશ્કેલીઓ સાંભળીને નિરાકરણ લાવવા પ્રયાસ કરાશે



જામનગર, તા. ૫

કાલે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલ જામનગરની મુલાકાતે આવી રહ્યા છે. કાલે બપોરે ૧ વાગ્યે ઓશવાળ સેન્ટર, સાત રસ્તા ખાતે વેપારીઓ અને ઉદ્યોગ સાહસીકો સાથે સંવાદ કરશે. જ્યારે રવિવારે છોટા ઉદયપુરમાં જાહેરસભા સંબોધશે.

તાજેતરમાં રાજકોટ ખાતે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે રાજકોટ ખાતે વેપારીઓ સાથે સંવાદ કર્યો હતો ત્યારબાદ વેપારીઓને પડતી મુશ્કેલીઓને ધ્યાને લઇ તે અંગે નિવારણ કરવા માટે જણાવ્યું હતું.

આ કાર્યક્રમ બાદ કાલે દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ સાથે આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા જામનગરના વેપારીઓ સાથે એક સંવાદનો કાર્યક્રમ યોજાયો છે. જેમાં જામનગરના જથ્થાબંધ વેપારીઓ, ઇન્ડસ્ટ્રીયલ, રીટેલ વેપારીઓને સાંભળશે તેમની સાથે યોજાયેલા આ સંવાદમાં તેમને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે. તેમ નિલેશકુમાર ખાખરિયા - જિલ્લા શહેર મીડિયા સેલ ઇન્ચાર્જ આમ આદમી પાર્ટી, જામનગરએ જણાવ્યું છે.

ગુજરાતની ચોંકાવનારી ઘટના

# નવજાત બાળાને દૂધ પીતી કરવાનો પ્રયાસ નિષ્ફળઃ માતા-પિતાની ધરપકડ

## સાબરકાંઠા જિલ્લામાં ગાંભોઈ ગામમાં બનેલી દર્દનાક ઘટનાથી રાજ્યભરમાં ચર્ચાઃ સદનસીબે એક ખેડૂત ધરતી હલતી જોઈ જતા દાંટેલી બાળકીને બચાવી લીધી

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૫

ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં નવજાત બાળકીને જીવતી દાંટી દઈને પલાયન થઇ ગયેલા માતા-પિતાની પોલીસે ધરપકડ કરી લીધી છે.

સાબરકાંઠાનાં ગાંભોઈ ગામમાં એક ખેડૂત તેના ખેતરમાં કામ કરી રહ્યો હતો. ત્યારે અચાનક તેને જમીનની અંદરથી રડવાનો અવાજ આવ્યો હતો. આજુબાજુ જોતા જમીનમાં દટાયેલી બાળાનો હાથ બહાર દેખાયો હતો. ખેડૂતો તુરંત જ જમીન ખોદી બેભાન નવજાત બાળાને બહાર કાઢી હતી અને





તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલ પહોંચાડી હતી. અત્યારે આ બાળાની તબીબો સઘન સારવાર કરી રહ્યા છે.

ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો ગામડે ધસી ગયો હતો અને આઈપીસીની કલમ-૩૦૭ મુજબ ગુનો દાખલ કરી નવજાત

(અનુ.પાના નં.૪ ઉપર)

# ગુજરાતમાં એન્જીનીયરીંગ, ફાર્મસી, એમબીએની ૪૭૦૦ બેઠકો ઘટાડાઈ

## લેબોરેટરી અને જરૂરી સાધન સુવિધાનાં અભાવે નિર્ણય લેવાની ફરજ પડી

## ભણશે ગુજરાતના બુલંદ નારા વચ્ચે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો બેઠક ઘટાડવાનો નિર્ણય વિદ્યાર્થીઓ માટે હાનીકારક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૫

ભણશે ગુજરાતનાં નારા વચ્ચે ગુજરાતમાં શિક્ષણની વાસ્તવિક પરિસ્થિતિ કેવી છે તેનો ચોંકાવનારો સંકેત મળ્યો છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ૨૦૨૨-૨૩ નાં શૈક્ષણિક વર્ષ માટે રાજ્યની ૩૮ શિક્ષણ સંસ્થાઓમાં એન્જીનીયરીંગ, ફાર્મસી અને એમબીએ કોર્ષની ૪૭૭૫ બેઠકો ઘટાડવાનો નિર્ણય લેવો પડ્યો છે. આ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓને નુકશાન થવાનો અને એમનું ભવિષ્ય અંધકારમય બનવાનો ભય છે. લેબોરેટરી અને જરૂરી સંખ્યામાં ફેકલ્ટી તેમજ સાધન સરંજામનાં અભાવને કારણે બેઠકો ઘટાડવી પડી છે.

આવતા શૈક્ષણિક વર્ષ માટે ૯ જેટલી કોલેજોને 'નો-એડમિશન ઝોન'માં મુકવાની ફરજ પડી હોવાનું જાણવા મળ્યું છે. મતલબ આ કોલેજો નવા સત્ર માટે વિદ્યાર્થીઓને એડમીશન આપી શકશે નહીં. જીટીયુ સાથે સંકળાયેલી ૨૮૦ શિક્ષણ સંસ્થાઓનું પરીક્ષણ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક કોલેજો અને ટેકનીકલ શિક્ષણ આપતી ઇન્સ્ટીટયુટમાં લેબોરેટરી, ફેકલ્ટી તેમજ અન્ય સાધન સુવિધાઓ કેટલી છે તેનું ઇન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જે ૨૮૦

(અનુ.પાના નં.૪ ઉપર)

### કચ્છનાં હરામીનાળા વિસ્તારમાંથી બીએસએફની પેટ્રોલિંગ પાર્ટી દ્વારા વધુ પાંચ પાકિસ્તાની બોટ ઝડપાઈ, એક પાકિસ્તાની માછીમારની ધરપકડ

### નવસારીમાં બપોરે ૧:૩૦ વાગ્યે ભૂકંપનો જોરદાર આંચકો, ૨.૯ ની તિવ્રતા નોંધાઈઃ લોકોમાં ગભરાટ ફેલાયો, કોઈ નુકશાન નથી




# સૌરાષ્ટ્રના વાતાવરણમાં પલ્ટો, વિવિધ વિસ્તારોમાં એકથી ત્રણ ઇંચ ભારે વરસાદ

## ગઢડામાં સાડા ત્રણ, મહેસાણા– જૂનાગઢમાં ત્રણ ઈંચ, સાવરકુંડલા– તાલાળામાં અઢી ઈંચ વરસાદ

રાજકોટ, તા.૫

સૌરાષ્ટ્રમાં હળવાથી ભારે વરસાદની આગાહીને પગલે આજે વહેલી સવારથી વાતાવરણનો મિજાજ બદલાયો છે અને ૭ જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ તૂટી પડ્યો હોવાના વાવડ મળ્યા છે. સૌથી વધુ વરસાદ આજે બોટાદ જિલ્લાના ગઢડામાં સાડા ત્રણ ઈંચ, જૂનાગઢ જિલ્લાનાં ભેંસાણ અને જૂનાગઢમાં ત્રણ- ત્રણ ઈંચ, સાવરકુંડલા અને તાલાળામાં અઢી ઈંચ, બરવાળામાં બે ઈંચ, રાણપુર અને મેંદરડામાં એક-એક ઈંચ પાણી પડી ગયાનું નોંધાયું હતું. રાજકોટ શહેરમાં સવારથી કાળા ડીબાંગ વાદળો આકાશમાં ઉપસી આવ્યા છે પરંતુ માત્ર છાંટા પડ્યા છે. વાતાવરણ બદલાઈ ગયું છે.

જૂનાગઢમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ તૂટી પડ્યો હતો અને એક કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો છે. પરિણામે ચારેતરફ જળબંબાકાર સર્જાયો છે. શેરી-ગલીઓ અને રાજમાર્ગો પર પાણી ભરાઈ ગયા છે. ઝાંઝરડા રોડ પર ગરનાળામાં પાણી ભરાતા ટ્રાફિકજામ થઇ ગયો હતો. ગીરનાર પર્વત પર પણ વીજળીનાં કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. પગથીયા પરથી પુરની જેમ પાણી ફરી વળ્યું છે અને પ્રકૃતિ ખીલી ઉઠી છે. નાના-મોટા ઝરણાં નયન રમ્ય દ્રશ્ય સર્જી રહ્યા છે. વિસાવદર, વંથલી વગેરે વિસ્તારોમાં પણ અડધો ઈંચ પાણી પડ્યું હતું. કેશોદમાં એક ઈંચ, માંગરોળમાં પોણો ઈંચ જેવો વરસાદ થયો છે.

### ૭ જિલ્લાઓમાં હળવાથી ભારે વરસાદ પડ્યોઃ અમરેલી શહેર અને જિલ્લામાં પણ સવારથી ધીમીધારે એકધારો વરસાદ

અમરેલી જિલ્લામાં પણ વહેલી સવારથી ધીમીધારે એકધારો વરસાદ શરૂ થઇ ગયો છે. સાવરકુંડલામાં અઢી ઈંચ, બાબરામાં દોઢ ઈંચ, ખાંભામાં એક, લીલીયામાં પોણો ઈંચ અને લાઠીમાં અડધો ઈંચ પાણી પડી ગયું છે. વરસાદની શરૂઆત અને બીજા રાઉન્ડથી ખેતીમાં તૈયાર પાકને જબરો



ફાયદો થયો છે. કૃષિ આધારિત અમરેલી જિલ્લા માટે વરસાદ શુકનવંતુ બની રહ્યો છે. કપાસ અને મગફળીને જોરદાર ફાયદો થવાની આશા છે. અમરેલીમાં બપોરે અઢી ઈંચ પાણી પડી ગયાનું નોંધાયું હતું. અમદાવાદ, જામનગરમાં પણ અડધોથી એક ઈંચ વરસાદ થયો છે. (અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે

94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

### શ્રી જન્માષ્ટમી મહોત્સવ સમિતિ ધર્મયાત્રા (રથયાત્રા) રૂટ – ૨૦૨૨ રૂટની વિગત

ધર્મસભા સવારે ૮ કલાકે,ધર્મયાત્રા પ્રસ્થાન મવડી ચોકડીથી, રૈયા સર્કલ,હનુમાન મઢી ચોક, આમ્રપાલી રોડ,કિશાનપરા ચોક,જિલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક, હરીહર ચોક, પંચનાથ મંદિર રોડ, લીમડા ચોક, ભાવનગરનો ઉતારો એસ.બી.એસ. બેંકની બાજુમાં, ત્રિકોણબાગથી,ગેસ્ફોર્ડ ટોકીઝ રોડથી,માલવીયા ચોકથી,લોધાવાડ ચોકથી,ગોંડલ રોડ, મકકમ ચોક, ૮૦ ફુટ રોડ, પાસપોર્ટ ઓફીસ, નાગરીક બેંક ચોક, ધારેશ્વર મંદિર, ભક્તિનગર સર્કલ,સોરઠીયાવાડી ચોક,કેવડાવાળી મેઈન રોડ,બોમ્બે આર્યન ચોક થઈને જિલ્લા ગાર્ડન ચોક,રામનાથપરા જેલ ચોક, જુનું બી-ડિવિઝન પોલીસ સ્ટેશન થઈ,ચુનારાવાળ મેઈન રોડ,ચંપકનગર,સંતકબીર રોડ,કે.ડી. કોમ્પલેક્ષ ચોક,ગોંવિદબાગ શાકમાર્કેટ, બાલક હનુમાન મંદિર પાણીના ઘોડા ખાતે સમાપન

### ધર્માધ્યક્ષ પૂ.નરેન્દ્ર બાપુની નિશ્રામાં ભવ્યાતિ ભવ્ય જન્માષ્ટમી શોભાયાત્રા

# મવડી ચોકડી ખાતે ધર્મસભાનું આયોજન




'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે પધારેલ સમિતિના ધર્માધ્યક્ષ પ.પૂ.શ્રી નરેન્દ્રબાપુ, માર્ગદર્શક મંડળના નરેન્દ્રભાઈ ડવ, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, શાંતુભાઈ રૂપારેલીયા, રાજુભાઇ જુંજા, હસુભાઈ ચંદારાણા, સમિતિના અધ્યક્ષ ધર્મેશભાઈ પટેલ, યાત્રા સંયોજક રાજદીપસિંહ જાડેજા, સહસંયોજક તિર્થરાજસિંહ ગોહીલ, મનીષભાઈ બેચરા, મહામંત્રી નિતેશભાઈ કથીરીયા અને પારસભાઈ શેઠ તસ્વીરમાં નજરે પડે છે.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

આજે પ્રેસ મુલાકાતે આવેલ વિ.હિ.પ. તથા સમિતિના અગ્રણીઓ દ્વારા જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૩૫ વર્ષથી ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને રંગેચંગે મનાવવા માટે ભવ્ય શોભાયાત્રા સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં તમામ ધર્મ, સંપ્રદાય તથા સમાજનો દરેક વર્ગ નાત-જાતના ભેદથી ઉપર ઉઠીને જોડાય છે. આગામી સમયમાં જન્માષ્ટમી મહોત્સવ સમિતિના નેજા હેઠળ યોજનાર અનેકવિધ કાર્યક્રમોની આ તકે માહિતી આપવામાં આવી હતી.

સુપ્રસિધ્ધ આસ્થા, સેવાના કેન્દ્ર સમાન આપગીગા ઓટલાના મહંત તથા આ વર્ષના ધર્માધ્યક્ષ પ. પૂ. મહંત શ્રી નરેન્દ્રબાપુએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી તા. ૧૯ ના રોજ ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટય દિન એવા જન્માષ્ટમી પ્રસંગે સવારે ૮ થી ૯ દરમ્યાન અનેક સંતો, મહંતો અને ધર્મગુરૂઓની ઉપસ્થિતિમાં મવડી ચોકડી ખાતે એક ધર્મસભાનું આયોજન કરવામાં આવશે. આ તકે તમામ ઉપસ્થિત સાધુ-સંતો દ્વારા પ્રેરક ઉદબોધન અને આર્શીવચન પાઠવવામાં આવશે. દરેક સંપ્રદાયના અનેક ધર્મગુરૂઓ આ તકે ઉપસ્થિત રહી હમ સબ હિન્દુ એક હૈ ના સૂત્રને ચરિતાર્થ કરશે.

આ તકે ઉપસ્થિત માર્ગદર્શક સમિતિના વડીલ આગેવાનો માવજીભાઈ ડોડીયા તથા હસુભાઈ ભગદેવએ જણાવ્યું હતું કે, જન્માષ્ટમી મહોત્સવ નિમિતે દર વર્ષે સંસ્થાને અનેક સંસ્થા, મંડળો, સામાજીક આગેવાનો, દાતાઓ અને ખાસ કરીને સમગ્ર રથયાત્રાનું સુંદર રીતે સંચાલન કરવા માટે કાર્યકર્તાનો સહયોગ પ્રાપ્ત થાય છે અને તેમના થકી વર્ષો વર્ષ અનેકવિધ કાર્યક્રમો સહિત ભવ્યાતિભવ્ય શોભાયાત્રા શક્ય બને છે.

મહોત્સવ સમિતિના વર્ષ-૨૦૨૨ ના અધ્યક્ષાની જવાબદારી ધર્મેશભાઈ પટેલ દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, દર વર્ષે યોજાય છે તેના કરતા પણ વિશેષ ધર્મયાત્રા આ વર્ષે યોજાશે. અનેક ફ્લોટસ, વાહનો, બાઈક સવાર યુવાનો, બજરંગદળના રક્ષકોની ટીમ, દુર્ગાવાહીની બહેનો, સુશોભિત ટુ વ્હીલર, રાસ મંડળીઓ, ધુન મંડળ, ડીજે પાર્ટી, કળશધારી બહેનો, સાફાધારી યુવાનો, વેશભુષા કરેલા પાત્રો સહિતના અનેક આકર્ષાણો આ શોભાયાત્રામાં આ વર્ષે પણ જોડાશે અને લાખોની સંખ્યામાં ધર્મપ્રેમી હિન્દુ સમાજ ઠેરઠેર ભગવાન કૃષ્ણના વધામણા અને દર્શનનો લાભ લેશે.

તેમજ વધુમાં જણાવેલ કે, તા. ૧૩ ના રોજ બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, કાલાવડ રોડ ખાતે સાંજે ૭:૩૦ કલાકે સુત્ર સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ તથા તાવા પ્રસાદનું આયોજન કરવામાં આવશે.

આ તકે ઉપસ્થિત વિ.હિ.પ. મહાનગરના અધ્યક્ષા શાંતુભાઈ રૂપારેલીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટના ટ્રાન્સપોર્ટરો દ્વારા દર વર્ષે જરૂરીયાત મુજબના તમામ નાના-મોટા વાહનો વિનામૂલ્યે સમિતિને ફાળવવામાં આવે છે. જેમાં અલગ અલગ સંસ્થા મંડળો પોતાના ફ્લોટસ બનાવી રથયાત્રામાં જોડાય છે.

આ તકે જન્માષ્ટમી રથયાત્રાના સંયોજક વાવડીના અગ્રણી અને રાજાભાઈના હુલામણા નામથી જાણીતા રાજદિપસિંહ જાડેજાએ જન્માષ્ટમી શોભાયાત્રા નિમિતે સમગ્ર રાજકોટના રાજમાર્ગો ઉપર વિચરણ કરનાર ભવ્યાતિ ભવ્ય અને દર્શનીય શોભાયાત્રાનો લાભ લેવા અનુરોધ કર્યો છે. રથયાત્રા સાથે જોડાનાર તમામ કાર્યકરોને સમગ્ર શીસ્ત સાથે આખી શોભાયાત્રા પૂર્ણ થાય તે માટે અનુરોધ કર્યો છે. તેમજ વિશેષમાં જણાવેલ કે તા. ૧૫ ના રોજ રાત્રે ૯ કલાકે હેમુગઢવી ખાતે કૃષ્ણભક્તિ, દેશભક્તિ નામક સાંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

રથયાત્રામાં જોડાનાર તમામ લોકો માટે સમગ્ર રૂટમાં થોડા થોડા અંતરે સેવાભાવી સંસ્થા, જે તે વિસ્તારના યુવક મંડળો, સેવાભાવી કાર્યકરો, વેપારી આગેવાનો દ્વારા પ્રસાદ રૂપે ઠંડા પાણી, શરબત, ફળઆહાર, નાસ્તો, આઈસ્ક્રીમ સહિતની વ્યવસ્થા કરવામાં આવે છે. જે માટે સમગ્ર ટીમ દ્વારા આ તમામનું અભિવાદન અને આભાર વ્યક્ત કર્યો હતો.

### તા. ૧૪મીએ અખંડ ભારત સંકલ્પ દિન નિમિતે બજરંગદળના કાર્યકરો દ્વારા એક મસાલ યાત્રા યોજાશે

જન્માષ્ટમી મહોત્સવના ઉપલક્ષામાં આગામી કાર્યક્રમોની હારમાળા સર્જાય છે જે અંગે વધુમાં માહિતી આપતા જણાવ્યુ હતું કે, આગામી તા. ૭ ના રોજ અટલ બિહારી ઓડીટોરીયમ, પેડક રોડ ખાતે બાળકો માટે ગોપી-કિશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૧ ના રોજ રક્ષાબંધન નિમિતે દુર્ગાવાહીનીના બહેનો દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવશે. તા. ૧૪ ના રોજ અખંડ ભારત સંકલ્પ દિન નિમિતે બજરંગદળના કાર્યકરો દ્વારા એક મસાલ યાત્રા યોજાશે. તથા સવિશેષ તા. ૧૯ ના રોજ જન્માષ્ટમી નિમિતે ભવ્યાતિભવ્ય, દર્શનીય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતની ૩૬મી શોભાયાત્રાની આછેરી ઝલક જોઈએ તો રાજકોટના મવડી ચોક ખાતેથી શરૂ થનારી આ શોભાયાત્રા તેના પરંપરાગત રૂટ ઉપર રાજકોટના મુખ્ય માર્ગો ઉપર ફરીને પેડક રોડ બાલક હનુમાન મંદિર ખાતે સમાપન થશે.

આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં નાના-મોટા વાહન, હજારો લોકો, સંસ્થાઓ, મંડળો, ગ્રુપ, શૈક્ષણિક સંસ્થાઓ અને કાર્યકરો જોડાશે. આ શોભાયાત્રાના વિવિધ ફ્લોટસ તથા ભગવાન શ્રીકૃષ્ણની મુખ્ય પ્રતિમાના દર્શનનો લાભ લેવા અબાલ-વૃધ્ધ, ભાઈઓ-બહેનો સહિતના તમામ લોકો અને હિન્દુ સમાજ બહોળી સંખ્યામાં ઉમટી પડશે.

રાજકોટ ગુડસ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા વિનામૂલ્યે ફ્લોટ માટે વાહનો પુરા પાડવામાં આવેલ છે. આ વાહનના વાહન ચાલકો પણ કોઈજાતનો ચાર્જ લીધા વગર નિ:સ્વાર્થ ભાવે સેવા આપી રહ્યા છે. માટે દરેક ચાલકોને મહોત્સવ સમિતિ દ્વારા એક પ્રોત્સાહિત પુરષ્કારરૂપે ગીફટ આપવામાં આવશે. અનેક ગૃપ, મંડળો દ્વારા નોંધણી તથા લતાસુશોભન અને અનેક પ્રકારની થીમ તથા સંદેશાઓ પાઠવતી કૃતિઓ તૈયાર કરવામાં આવશે. જેને સમિતિ દ્વારા બનેલી નિર્ણાયક કમીટીના મુલ્યાંકન બાદ ઈનામ આપીને નવાજવામાં આવશે. આ તમામ કૃતિની સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધક મંડળ, સંસ્થા, ગ્રુપની જન્માષ્ટમી મહોત્સવ સમિતિની નિર્ણાયક કમિટીની ટીમ આ કૃતિઓની મુલાકાત લેશે. આ ટીમ દ્વારા મુલ્યાંકન થયા બાદ કૃતિઓને પ્રથમ, દ્વિતીય, તૃતિય ક્રમાંક આપી બહુમાન અને ઈનામથી નવાજવામાં આવશે.

### વિ.હિ.પ તથા સમિતિના આગેવાનો દ્વારા સમગ્ર હિન્દુ સમાજને એક તાંતણે બાંધવા અદ્દભુત આયોજન : રથયાત્રા માટે ફ્લોટના વાહનોની નોંધણી અને લતા સુશોભન સ્પર્ધામાં ભાગ લેવાની આખરી તા.૧૩ ઓગસ્ટ : તા.૭ ના રોજ ગોપી–કિશન, તા.૧૩ ના રોજ તાવા પ્રસાદ અને તા.૧૫ ના રોજ ભવ્ય ધાર્મિક, સાંસ્કૃતિક કાર્યક્રમ

આ પ્રેસ મુલાકાતમાં સમિતિના ધર્માધ્યક્ષ પ.પૂ. શ્રી નરેન્દ્ર બાપુ તથા માર્ગદર્શક મંડળના નરેન્દ્રભાઈ દવે, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, શાંતુભાઈ રૂપારેલીયા, હસુભાઈ ચંદારાણા, સમિતિના અધ્યક્ષ ધર્મેશભાઈ પટેલ, યાત્રા સંયોજક રાજદિપસિંહ જાડેજા, સહસંયોજક તિર્થરાજસિંહ ગોહીલ, મનીષભાઈ બેચરા, મહામંત્રી નિતેશભાઈ કથીરીયા તથા પ્રેસ મીડીયા ઈન્ચાર્જ પારસ શેઠની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ થશે

## ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા રવિવારે ત્રિવેણી સંગમ કાર્યક્રમ

### અગ્રણી ધારાશાસ્ત્રી અનિલભાઇ દેસાઇ અને ઉદ્યોગપતિ રમેશભાઇ ટીલારાનું સન્માન કરાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

રાજકોટ શહેરની સેવા સંસ્થા ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા છેલ્લા બે દાયકાથી પ્રતિવર્ષ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને દાતાઓના સહયોગથી સ્કૂલ બેગ, ફુલ સ્કેચ બુક્સ, લંચબોક્સ, કંપાસ, વોટર બોટલ સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવે છે,તેવી જ રીતે ચાલુ વર્ષે પણ રવિવારનાં રોજ ૧૫૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવામાં આવશે.

આ સાથે અગ્રણી ધારાશાસ્ત્રી અનિલભાઈ દેસાઈની તાજેતરમાં જ ગુજરાત પ્રદેશ ભાજપ લીગલ સેલના સહસંયોજક પદે વરણી થયેલ તેમજ શાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ અને અગ્રણી ઉદ્યોગપતિ રમેશભાઈ ટીલાસની તાજેતરમાં જ ભારત સરકારનાં ઉદ્યોગ - વાણિજ્ય મંત્રાલય દ્વારા બોર્ડ ઓફ ટ્રેડમાં સદસ્ય તરીકે નિયુક્તિ થતાં આ બંને મહાનુભાવોનું ગરિમાપૂર્ણ સન્માનવાનો કાર્યક્રમનું પણ આયોજન કરેલ છે.

સાથો સાથ ફ્રીડમ યુવા ગ્રુપની સેવાકીય યાત્રાના ૨૫માં વર્ષની સેવાકીય ઉજવણીના ભાગરૂપે આગામી જન્માષ્ટમી તહેવારો અનુસંધાને ૨૫ જરૂરિયાતમંદ પરિવારોને રાશન કીટનું વિતરણ સહિતના ત્રિવિધ કાર્યક્રમ અર્થાત ત્રિવેણી સંગમ ની ઉજવણી આગામી રવિવારના રોજ કરવામાં આવનાર છે.

આ સમગ્ર આયોજન સંસ્થાનાં સ્થાપક અને માર્ગદર્શક ભાગ્યેશ વોરાની રાહબરીમાં મનોજ ડોડીયા, સંજય પારેખ, પ્રવીણ ચાવડા, કિરીટ ગોહેલ, સુરેશ રાજપુરોહિત, નિમેશ કેસરિયા, ચંદ્રેશ પરમાર, રસીક મોરધરા, રાજન સુરૂ.અલ્પેશ પલાણ, હર્ષદ ચોકસી. નિતીન જરીયા, રોહિત સિધ્ધપુરા, અલ્પેશ ગોહેલ, મિલન વોરા, હિતેશ કોઠારી, વિશાલ અનડકટ, ધવલ પડિઆ, જે.પી ફુલારા, પુનિત બુંદેલા, કૌશિક દવે, સંજય ચૌહાણ, જય દુધૈયા, જય આહીર , જીગ્નેશ આહીર સહિતનાં સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

### શ્રાવણ માસના સોમવાર નિમિતે આયોજન

## દીકરાનું ઘર વૃધ્ધાશ્રમમાં ૮મીએ મહારૂદ્રી યજ્ઞ

### મંગલેશ્વર મહાદેવના સાંનિધ્યમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ભકિતસભા ધાર્મિક ઉત્સવ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટનું લાડકું પ્રકલ્પ દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ પ્રતિવર્ષ શ્રાવણમાસની રંગે ચંગે ઉજવણી કરે છે. જેમાં હિંડોળા દર્શન- મહાઆરતી- બ્રહ્મભોજન- જન્માષ્ટમીની ઉજવણી- રૂદ્રી યજ્ઞ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દીકરાનું ઘર વૃદ્ધાશ્રમમાં રહેતા માવતરો પવિત્ર શ્રાવણમાસની આરાધના કરે અને ભક્તિથી તરબોળ થાય એવા આશયથી પ્રતિવર્ષ મહારૂદ્રી યજ્ઞનું ધાર્મિક અને પવિત્ર વાતાવરણમાં વિદ્વાન ભૂદેવોની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવે છે. તારીખ ૮/૮ને સોમવારનાં રોજ દીકરાનું ઘર પરિસરમાં આ રૂદ્રી યજ્ઞ યોજાશે જેમાં શહેરના શ્રેષ્ઠીઓ યજમાન પદે બિરાજશે.

સંસ્થાના અનુપમભાઈ દોશી, નલીનભાઈ તન્ના, અશ્વિનભાઈ પટેલ, જીતુભાઈ ગાંધી તેમજ ડો. ફાલ્ગુનીબેન કલ્યાણીએ વધુમાં જણાવ્યું છે કે, દીકરાનું ઘરમાં બિરાજતા મંગલેશ્વર મહાદેવના સાનિધ્યમાં તેમજ જીવંતમૂર્તિ સ્વરૂપ માવતરોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે અને ભકિત ભાવથી આ યજ્ઞ સવારે ૮ થી બપોરે ૧૨:૩૦ કલાક સુધી ચાલશે. દીકરાનું ઘરના ટ્રસ્ટી મુકેશભાઈ દોશી, મુનીલભાઈ વોસ, હસુભાઈ રાચ્છ, ડો. નીદતભાઈ બારોટ તેમજ કિરીટભાઈ આદ્રોજાએ જણાવ્યું છે કે આ રૂદ્રી યજ્ઞના દર્શનનો લાભ લેવા શહેરીજનો પણ ખાસ ઉપસ્થિત રહે તેવું આમંત્રણ છે. આ ઉપરાંત આખો માસ દરમિયાન હિંડોળા દર્શનનો લાભ લેવા પણ શહેરના વિવિધ ધાર્મિક મંડળો અને સત્સંગ મંડળોને અપીલ છે. આ આયોજનને સફળ બનાવવા પ્રવીણભાઈ હાપલીયા, સુનીલભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠક્કર, પરિમલભાઈ જોશી, મહેશભાઈ જીવરાજાની, જયેન્દ્રભાઈ મહેતા, અલ્કાબેન પારેખ, ગીતાબેન એ. પટેલ, ગીતાબેન વોરા તેમજ વર્ષાબેન પોપટ સહિતના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## 'આપ'ના ઉમેદવાર વશરામભાઈ સાગઠીયા દ્વારા મિટિંગો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

રાજકોટ ગ્રામ્ય વિધાનસભા બેઠકનાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર વશરામભાઈ સાગઠીયાએ વિધાનસભા મતક્ષેત્રમાં મિટિંગોના દોર ચાલુ કર્યો છે.

### ગ્રામ્ય વિધાનસભા બેઠકના વિસ્તારોમાં જઈને આગામી કાર્યક્રમો વિશે ચર્ચા કરાઈ

આજરોજ ગ્રામ્ય વિધાનસભા ક્ષેત્રમાં આવેલ કોટડા તાલુકાના છ ગામના આગેવાનોની મિટિંગ રાજ પીપળા ખાતે મળી હતી તેમજ બીજી મિટિંગ વોર્ડ નંબર ૧૧માં આવેલ રંગીલા હનુમાન મંદિરમાં વોર્ડ નંબર ૧૧, ૧૨, ૧૮ અને ૧૩ના મુખ્ય સંગઠન મંત્રીઓ તેમજ સહ સંગઠન મંત્રીઓની સાથે પણ મળી હતી.

આ તાલુકા તેમજ વોર્ડમાં મુખ્ય લોકોની જ આ પ્રથમ મીટીંગમાં આગામી દિવસોમાં આમ આદમી પાર્ટી દ્વારા આવી રહેલા કાર્યક્રમની ચર્ચા કરી તાલુકે તાલુકે ગામડે ગામડે અને શહેરોમાં વોર્ડે વોર્ડે લોક ડાયરા તેમજ પાર્ટીએ આપેલ સંદેશો લઈને ઘરે ઘરે પહોંચવા માટેની તૈયારીના ભાગરૂપે આ ચર્ચા કરાઈ હતી. આમ આદમી પાર્ટીએ વશરામભાઈ સાગઠીયાને ઉમેદવાર જાહેર કર્યા છે. તેના આનંદમાં કાર્યકરોએ ખૂબ હર્ષ ઉલ્લાસ અને ઢોલના તાલે સ્વાગત પણ કર્યું હતું.

## અતિરૂદ્ર મહાયજ્ઞની આવતી કાલે પૂર્ણાહૂતિ



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**
ત્રંબા, તા.૫

ત્રંબા મોહનધામ આશ્રમ સ્થિત માનવ કલ્યાનાર્થે ચાલી રહેલા અતિરૂદ્ર મહાયજ્ઞનો આજે ચોથો દિવસ છે અને સતત ચાર દિવસથી હજારો ભક્તો દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લઇ રહ્યા છે તેમજ આવતીકાલે તા. ૬ ઓગષ્ટના રોજ યજ્ઞની પૂર્ણાહૂતિ છે. સંત શ્રી શામળા બાપાના આશીર્વાદ તેમજ સંત શ્રી મોહનદાસ બાપાની પ્રેરણાથી ચાલી રહેલા આ યજ્ઞનું આગવું મહત્વ છે. જેનો મુખ્ય હેતુ માનવ કલ્યાણ અને પર્યાવરણ શુદ્ધિકરણનો છે. આ ૧૨૧ કુંડી યજ્ઞમાં ૨૬ લાખ અને ૪ હજાર વાર આહૂતિ આપવામાં આવે છે ત્યારે સમગ્ર વાતાવરણ પવિત્ર, આધ્યાત્મિક તેમજ દિવ્ય બન્યું છે. સૌ કોઈ આ ધર્મોત્સવનો લાભ લઇ રહ્યા છે. આ યજ્ઞમાં બંને સમય મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તેમ જણાવ્યું છે. (૧૩)

## જસદણની શાકમાર્કેટ રોડ પાસે આવેલ શિવમ શોપિંગ સેન્ટરની ૬ દુકાનોમાં ચોરી



**(હુસામુદ્દીન કપાસી દ્વારા)**
જસદણ, તા.૫

જસદણમાં ગત રાત્રિના તસ્કરોએ જુદી જુદી ૬ દુકાનોને નિશાન બનાવી હજજરોની માલમત્તા ચોરી ગયાં હોવાનું સામે આવ્યુ છે મળતી વિગતો મુજબ જસદણની શાકમાર્કેટ પાસે આવેલ બે માળના શિવમ શોપિંગમાં એકી સાથે ૬ દુકાનોને તસ્કરોએ નિશાન બનાવી પોલીસને સીધો પડકાર ફેંક્યો છે. આ શોપિંગમાં મિત્તલ સાડી શ્રી કટલરી સહિતની છ દુકાનોમાં ચોરી થયેલ છે આ અંગે વેપારીઓએ પોલીસને જાણ કરી હતી વધું વિગત ફરિયાદ નોંધાયા બાદ વિગતો મળશે. તેમ જણાવ્યું છે. (૧૩)




PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

## તંત્રી સ્થાનેથી...

### જો ચીન–તાઈવાન પર હુમલો કરશે તો...

ચીનની તમામ ધમકીઓ છતાં અમેરિકી સંસદના સ્પીકર નેન્સી પેલોસી તાઈવાનના પ્રવાસે ગયા. ૧૯ કલાક સુધી પેલોસી તાઈવાનના રાષ્ટ્રપતિ અને ત્યાંના અધિકારીઓને મળતા રહ્યા અને જ્યાં સુધી આ મુલાકાતોનો દોર ચાલ્યો ત્યાં સુધી ચીનને મરચા લાગતા રહ્યા. ધમકીઓ વચ્ચે પણ પેલોસીએ કરેલો આ પ્રવાસ એ વાતનો પુરાવો છે કે અમેરિકાને ચીનની ચેતવણીઓથી કોઈ ફરક પડતો નથી. પેલોસીએ તાઈવાનને ભરોસો અપાવ્યો કે અમેરિકા તેની સાથે છે. પેલોસીના આ પ્રવાસથી અકળાયેલા ચીને તાઈવાનમાં અનેક જગ્યાઓ પર પોતાના ફાઈટર જેટ અને યુદ્ધ જહાજો તૈનાત કરી લીધા છે.

ભૌગોલિક રીતે જોઈએ તો ચીન દુનિયાના સૌથી મોટા દેશોમાંથી એક છે અને તાઈવાનની ગણતરી દુનિયાના નાનકડા દેશોમાં થાય છે. અર્થવ્યવસ્થા પ્રમાણે પણ બંને દેશોની સરખામણી થઈ શકે નહીં. પરંતુ આમ છતાં આ બંને દેશો વચ્ચે જ્યારે હવે યુદ્ધનું જોખમ તોળાઈ રહ્યું છે તો દુનિયા એક અલગ જ તણાવમાં છે. પહેલેથી ઓટોથી લઈને સ્માર્ટફોન ઈન્ડસ્ટ્રી ચિપ શોર્ટેજથી પરેશાન છે. તાઈવાનમાં સ્થિતિ બગડશે તો સંકટ વધુ ગાઢ બનશે કારણ કે નાનકડો દેશ તાઈવાન સેમીકન્ડક્ટર મામલે દુનિયાની ફેક્ટરી છે. નેન્સી પેલોસીના પ્રવાસ બાદ જે સ્થિતિ ઊભી થઈ છે તે સ્થિતિ જો આમ જ રહી અને તાઈવાન પર હુમલો થયો તો ઈલેક્ટ્રોનિક્સ, કમ્પ્યુટર, સ્માર્ટફોન, કારોના ભાવ ચોક્કસપણે વધશે. બની શકે કે બજારમાંથી ઈલેક્ટ્રોનિક સામાન પણ ગાયબ બની જાય.

દુનિયામાં સેમીકન્ડક્ટરથી થનારી કુલ કમાણીનો ૫૪ ટકા હિસ્સો તાઈવાનની કંપનીઓ પાસે છે. જેમાંથી સૌથી વધુ યોગદાન તાઈવાનની કંપનીનું જ છે.

હજુ પણ દુનિયાની સૌથી મોટી સેમીકન્ડક્ટર કંપની છે. જેવી દિગ્ગજ કંપનીઓ તેના ગ્રાહક છે. તાઈવાન સેમીકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગ કંપની દુનિયાની ૯૨ ટકા એડવાન્સ સેમીકન્ડક્ટરનું ઉત્પાદન કરે છે. ચીન સેમીકન્ડક્ટર મામલે તાઈવાનથી ઘણું પાછળ છે. સેમીકન્ડક્ટરના બજારને અમેરિકા પણ સમજે છે અને ચીન પણ. આથી બંને દેશ આ નાનકડા દેશ માટે આમને સામને છે. જો ચીન તાઈવાન પર હુમલો કરશે તો દુનિયા માટે ચિપનું બજાર સંપૂર્ણપણે ઠપ થઈ જશે અને પહેલેથી મોંઘવારી સામે ઝઝૂમી રહેલી દુનિયા સામે નવું સંકટ ઊભું થઈ જશે.

# રાજકોટ જીલ્લામાં જુગારના ચાર દરોડાઃ ૨૪ ઝડપાયા

### પોલીસે રેઈડ કરી જુગાર રમતા બે મહિલા સહિત ૨૪ને પકડી લાખોની મતા કબ્જે કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૫

શ્રાવણીયા જુગારની મોસર, ભરપુર ખીલી હોય તેમ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં રૂરલ પોલીસે દરોડા પાડી જસદણ, આટકોટ, જામકંડોરણા, અને શાપરમાં બંધ બારણે અને જાહેરમાં જુગાર રમતાં બે મહિલા સહિત ૨૪ શખ્સોને દબોચી રોકડ અને કાર, બાઈક મળી રૂમ લાખની મતા કબ્જે કરી હતી. જયારે જસદણમાં ચાલતી કલબમાં રૂરલ એલસીબી દરોડો પાડે તે પહેલા જ સ્થાનીક પોલીસે દરોડો પાડી કાર્યવાહી કરી હતી.

જુગારના દરોડાની વિગત અનુસાર જસદણ પોલીસ મથકના પીએસઆઈ કે.જે.રાણા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા. ત્યારે સાથેના એએસઆઈ ભુરાભાઈ માલીવાડ અને હેડકોન્સ્ટેબલ એમ.આર. કાનગડને મળેલ ચોકકસ બાતમીના આધારે જસદણના ચિતલીયા કુવારોડ પર આવેલ ખેડૂત મેહુલ લાલજી પારખીયાની વાડીની ઓરડીમાં બારણે ચાલતી જુગાર-કલબમાં દરોડો પાડી જુગાર રમતાં મેહુલ લાલજી પારખીયા ધંધો વેપાર, યુગેન ધનજી ભુવા ધંધો-વેપા, હાર્દીક ચંદુ વસોયા, વિશાલ મનસુખ રૂપારેલીયા, મનસુખ બાબુ દોમડીયા, અંકીત જયંતી ભુવા, દિવ્યેશ ચંદુ હપાણી (રહે.તમામ જસદણ)યાજ્ઞિક મનસુખ રૂપારેલીયા રહે.બાડપર રાજકોટને રૂમ.૦૧ લાખની રોકડ, મોબાઈલ, કાર, અને બાઈક મળી રૂમ.૭૨ લાખની મતા કબ્જે કરી.

બીજા દરોડામાં આટકોટના વિરનગરમાં ખરાબાની જગ્યામાં જાહેરમાં જુગાર ખેલતા સુરેશ ઉર્ફે બાબ બસીયા (રહે,વિરનગર) ભાવેશ કરશન રાદડીયા, (રહે.દડવા) ચંદુ લાબા રોજાસરા (રહે.વિરનગર) જીવા કરશન ચાવડા (રહે.કાનપર,જસદણ)ને રોકડ રૂ.૩ હજાર અને મોબાઈલ ફોન-૫ અને બાઈક મળી રૂ.૧ લાખના મુદ્દામાલ સાથે રૂરલ એલસીબી હેડ કોન્સ્ટેબલ પ્રણયભાઈ સાવરીયાએ દરોડો પાડી દબોચ્યા હતા.

ત્રીજા દરોડામાં શાપરમાં ભારત ઓરણી વાળા રોડ પર ઝાકાળ હોટલ પાસે જાહેરમાં જુગાર રમતાં કેતન લખમણ પરસાણીયા (રહે.કોઠારીયા) આવે છે. વલ્લભ પાનસુરીયા (રહે.મોટી મેંગણી, કોટડા સાંગાણી) દદુ મુખાણ, બધુેશ ભીખા પરમાર (રહે.બંન્ને શાપર) અને રવજી બટુક પરસાણીયાને રોકડ રૂમ૫ હજાર સાથે શાપર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ટી.એ.જાડેજા અને સ્ટાફે દરોડો પાડી દબોચ્યા હતાં.

ચોથા દરોડામાં જામકંડોરણા પોલીસ મથકના પીએસઆઈ આર.એલ.ગોવલ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ ભોળદરીયાને મળેલ ચોકકસ બાતમીના આધારે જામકંડોરણા જાહેરમાં જુગાર રમતા પીન્ટુ હસમુખ પરમાર, જીતેશ પ્રવિણ પરમાર, મનુઉકા પરમાર, કિશન રમેશ પરમાર, સાગર મનુ પરમાર, હંસાબેન હસમુખ ચીખલીયા અને કુસુમબેન રમેશ પાલનપુરાને રૂ.૬ હજારની રોકડ સાથે દબોચી કાર્યવાહી કરી હતી.

# માણાવદરના ભીતાણામાં મોડી રાતે વૃધ્ધાને કુતરાએ બટકા ભર્યાઃ ગંભીર હાલતમાં દાખલ

### ફળીયામાં સુતા હતા ત્યારે મોઢા, હાથ, પગમાં બટકા ભર્યાઃ દેકારો સાંભળી રૂમમાં સુતેલા દીકરાએ આવી બચાવ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા. ૫

માણાવદરના ભીતાણા ગામે મોડી રાતે ઘરના ફળીયામાં ઉંઘી રહેલા વૃધ્ધાને એક કૂતરાએ ફાડી ખાતાં મોઢા, હાથ, પગમાં ગંભીર ઇજાઓ થતાં લોહીલુહાણ હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. જાણવા મળ્યા મુજબ ભીતાણા ગામે રહેતાં જીવુબેન કરણાભાઇ જળુ (ઉ.વ.૯૫) રાતે ઘરના ફળીયામાં ખાટલામાં ઉંઘી રહ્યા હતાં ત્યારે બારેક વાગ્યે આવી ચડેલા કુતરાએ તેમના પર હુમલો કરી મોઢા પર ડાબી આંખ નીચે, તેમજ હાથ, પગમાં બટકા ભરી લેતાં વૃધ્ધાએ દેકારો કરી મુક્યો હતો. ચીસો સાંભળી રૂમમાં સુતેલા પુત્ર કરસનભાઇ તથા બીજા સભ્યો દોડી આવ્યા હતાં અને કુતરાને મહામહેનતે તગેડી માતાને બચાવ્યા હતાં.



લોહીલુહાણ થઇ ગયેલા જીવુબેનને પહેલા માણાવદર હોસ્પિટલમાં અને ત્યાંથી જુનાગઢ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ હાલત વધુ ખરાબ હોઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જીવુબેનને સંતાનમાં ચાર પુત્ર અને એક પુત્રી છે. પતિ હયાત નથી.

હાલમાં જ નવું મકાન બનાવ્યું હોઇ રૂમમાં હજુ બારી દરવાજા પણ ફીટ કરવાના બાકી હોઇ જીવુબેન ફળીયામાં ખાટલા પર સુતા હતાં અને રાતે ક્યાંકથી ધસી આવેલા કુતરાએ ઓચીંતો હુમલો કરી દીધો હતો. હોસ્પિટલ ચોકીના કલ્પેશભાઇ સરવૈયાએ બાટવા પોલીસને જાણ કરી હતી.

# રાજકોટ ક્રાઈમ

### લગ્નની લાલચ આપી અપહરણ કરનારની ધરપકડ

ગોંડલ રોડ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જનાર શખ્સને એ ડીવીઝન પોલીસે પકડી લીધો હતો. મળતી વિગત મુજબ ગોંડલ રોડ વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની સગીરા ગત તા. ૩ના રોજ પોતાના ઘરેતી નિકળ્યા બાદ પરત ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. તપાસ કરતા લોહાનગરમાં રહેતો દિપક ચારોલીયા નામનો શખ્સ સગીરાને લગ્ન કરવાની લાલચ આપી સગીરાને ભગાડી ગયો હોવાનું જાણવા મળતા સગીરાના પરિવારજનોએ એ ડિવિઝન પોલીસ મથકમાં જાણ કરતા પીઆઇ સી.જી.જોષી તથા રાઇટર વીરભદ્રસિંહ જાડેજા સહિતે દિપક વિરૂધ્ધ ગુનો દાખલ કરી ગોંડલ રોડ લોહાનગર મફતીયાપરામાં રહેતો દિપક દિનેશભાઇ ચારોલીયા (ઉ.વ.૧૯)ને પકડી લઇ કાર્યવાહી કરી હતી.

### બેભાન હાલતમાં સફાઇ કામદારનું મોત

રાજકોટઃ એરપોર્ટ રોડ પર બગીચાની બાજુમાં આવેલા અમરજીતનગર-૨માં રહેતાં અને આરએમસીમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતાં કાનાભાઇ મોહનભાઇ પરમાર (ઉ.વ.૫૦) સાંજે છાતીમાં દુઃખાવો ઉપડયા બાદ બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતા. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતકને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. બીજા બનાવમાં પુનિતનગર વાવડીમાં કર્મચારી સોસાયટી-૧૦માં રહેતાં જીતેન્દ્રસિંહ નિર્મળસિંહ જેઠવા (ઉ.વ.૨૭) સાંજે બિમારીથી બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બંને બનાવમાં હોસ્પિટલ ચોકીના કલ્પેશભાઇ સરવૈયાએ ગાંધીગ્રામ અને તાલુકા પોલીસને જાણ કરી હતી.

### કંટાળીને પરિણીતાએ આપઘાતનો પ્રયાસ

રાજકોટઃ શહેરના ભગવતીપરામાં રાધેક્રિષ્ના સોસાયટીમાં રહેતી પરિણીતાએ ગત રોજ પોતાના ઘરે સાંજે ૬ વાગ્યાની આસપાસ પંખાના હુકમાં ચૂંદડી વડે ફાંસો લગાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન રીક્ષા ચાલક પતિ તે સમયે ઘરે આવી જતાં પત્નીને તાત્કાલિક નીચે ઉતારી સારવારમાં સિવિલે ખસેડાઇ હતી. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી ગયો હતો અને આપઘાતના પ્રયાસનું કારણ જાણવા પરિવારની પૂછપરછ હાથ ધરી હતી. પરિણીતાના પતિ રીક્ષા ચલાવે છે અને સંતાનમાં બે પુત્ર છે તેમજ ધંધામાં મંદી આવતાં ઘરમાં આર્થિક ભીંસ આવી હતી અને પતિ પત્ની વચ્ચે અવારનવાર થતાં ઝઘડાથી કંટાળીને પગલું ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું.

### બે મિત્રોને ફસાવવા યુવતીએ દુષ્કર્મ નાટક કર્યું

રાજકોટઃ શહેરના નાનામવા વિસ્તારમાં રહેતી એક યુવતી ગઈકાલે બપોરના સમયે રાહુલ ચૌહાણના કહેવાથી બે શખ્સો સાથે અવધ રોડ પર આવેલા કાફે પાસેના એપાર્ટમેન્ટમાં જતા બંનેએ ઇચ્છા વિરૂદ્ધ કૃત્ય કર્યું હોવાના આક્ષેપ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ હતી. જે અંગે તબીબે તપાસ કરી એમએલસી કરતા આ ઘટના અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં એન્ટ્રી નોંધવામાં આવતા મહિલા પોલીસને સાથે રાખી ઘટના સ્થળ અંગે તપાસ કરતા આ બનાવ લોધિકા પોલીસની હદમાં આવે તેવું જાણવા મળ્યું હતું. જે બાદ બનાવની જાણ થતા જ લોધિકા પોલીસ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં આવી પહોંચી હતી અને મહિલા પોલીસને સાથે રાખી યુવતીનું નિવેદન લીધું હતું. તેમાં યુવતી સૌ પ્રથમ અલગ અલગ જવાબ આપતી હોય માટે તેમના પરિવારને બોલાવી સઘન પૂછપરછ કરતા તેણી ભાંગી પડી હતી અને હકીકત જણાવી હતી કે તેમના ફ્રેન્ડ રાહુલ સાથે એક મિત્ર અવાર નવાર પૈસાની માંગણી કરી ઝઘડો કરતો હોય માટે તેને ખોટા ગુન્હામાં ફિટ કરવા આ કાવતરું ઘડ્યું હતું.

### અજાણી મહિલાએ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યો

રાજકોટઃ શહેરના ગોંડલ રોડ પર કોઠારિયા સોલવન્ટ નજીક આશરે ૪૫ વર્ષની એક અજાણી મહિલાએ ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા આજીડેમ પોલીસ મથકના પી.એસ.આઇ આર.વી.કડછા સહિત સ્ટાફ સ્થળ પર પહોંચી મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી મૃતકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી. મૃતક મહિલાના જમણા હાથ પર અંગ્રેજીમાં રાજ લખાયેલ હોવાનું સામે આવ્યું છે. જો કોઇ આ મહિલાના વાલીવારસ હોય તો આજીડેમ પોલીસ સ્ટેશન જાણ કરવા પોલીસે અપીલ કરી છે.

### વૃદ્ધનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટઃ શહેરના ભગવતીપરાના જયપ્રકાશનગરમાં રહેતા રમેશભાઈ હમીરભાઈ ચુડ્સમાં (ઉ.વ.૬૦)એ છતના હુકમાં દોરી બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા બી ડિવિઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો. મૃતકને સંતાનમાં બેપુત્ર અને બે પુત્રી છે પોતે ભંગારનો ધંધો કરતા હોય આર્થિક સંકળામણથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

### જુગારતા ત્રણ દરોડામાં દસ ઝડપાયા

રાજકોટ : શહેરમાં જુગારના કેસો કરવાની સુચના અન્વયે યુનીવર્સીટી પોલીસે રૈયાધારમાં દરોડો પાડી જુગાર રમતા મહેશ વંટોળ, બીજલ બાબરિયા, રોહિત સોહલા અને વિઠ્ઠલ ગાંગળીયાને ઝડપી લઇ ૨૦,૨૦૦ કબ્જે કર્યા છે જયારે બીજા દરોડામાં જયેશગીરી ગોસ્વામી, વિજયગીરી ગોસ્વામી અને નીતેશ મુલીયાણાને ઝડપી લઇ ૫,૬૬૦ કબજે કર્યા છે કુવાડવા રોડ પોલીસે દળુ સોલંકી, અજય અને લાભુ ગોહેલને ચકલા પોપટના ચિત્રો પર જુગાર રમતા ઝડપી લઇ ૭,૩૫૦ કબ્જે કર્યા છે.

### સોનાનું પેન્ડલ ચોરનાર મહિલા ઝડપાઈ

રાજકોટઃ ઓમનગરમાં રહેતા રીંકલબેન પાનસુરીયા એક વર્ષના પુત્ર નિશ્ચયની માનતા ઉતારવા પેડક રોડ પર આવેલ શીતળા માતાજીના મંદિરે ગયા હતા રમકડા ખરીદી રહ્યા હતા ત્યારે પુત્રના ગળામાંથી કોઈ અજાણી વ્યક્તિએ સોનાનું પેન્ડલ ચોરી થયાના બનાવમાં ભક્તિનગર પોલીસે ચોરાઉ પેન્ડલ સાથે મહિલા બૂટલેગર મુન્ની હિંમતભાઇ પરમારને ઝડપી લઇ કાર્યવાહી કરી છે.

# ૨ વર્ષના પુત્રને દારૂ પીવડાવી દેતાં હાલત બગડી

### મીરા ઉદ્યોગ જીઆઇડીસીમાં મોડી રાતે બનાવ : રાતે જમવા આવેલા શખ્સે પીવડાવી દીધાનું દંપતિનું કથન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા. ૫

રાજકોટમાં બે વર્ષના બાળકને એક શખ્સે મોડી રાતે પોતે પીતો હતો એ ગ્લાસમાંથી દારૂ પીવડાવી દેતાં આ બાળકની તબિયત લથડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ આજી જીઆઇડીસી પાસે મીરા ઉદ્યોગમાં બન્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મીરા ઉદ્યોગ શેરી નં. ૮માં રહેતાં યાસીન સૈયદ અને તેના પત્નિ કરિશ્મા સૈયદ મોડી રાતે પોતાના પુત્ર અર્શ (ઉ.વ.૨)ને સિવિલ હોસ્પિટલે લાવ્યા હતાં અને તે બેભાન થઇ ગયાનું કહેતાં તબિબે શું થયું હતું? તે અંગે પુછતાં આ દંપતિએ પોતાના પુત્ર અર્શને વનરાજ નામના શખ્સે માદક દ્રવ્ય પીવડાવી દીધાનું કહેતાં પોલીસને જાણ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના કલ્પેશભાઇ સરવૈયાએ થોરાળા પોલીસને જાણ કરી હતી.

યાસીને વધુમાં કહ્યું હતું કે, રાતે એકાદ વાગ્યે વનરાજ આવ્યો હતો અને તેણે ગ્લાસમાં દારૂ ભરીને પીવાનું ચાલુ કર્યુ હતું. આ વખતે મારો બે વર્ષનો પુત્ર અર્શ પણ જાગતો હોઇ અને મારી સાથે બેઠો હોઇ વનરાજે મને જમવાનું બનાવવાનું કહેતાં હું રૂમમાં ગયો હતો અને મારી પત્નિને જમવાનું તૈયાર કરવાનું કહીને બહાર આવ્યો ત્યારે વનરાજે મારા દિકરા અર્શને દારૂ પીવડાવી દીધો હતો. મેં બૂમ પાડતાં તેણે કંઇ નથી કર્યું એવું રટણ કર્યુ હતું.

એ પછી મારા દિકરાની તબિયત બગડી જતાં અમે હોસ્પિટલે લાવ્યા હતા. સાચી વિગતો જાણવા પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. તસ્વીરમાં સારવારમાં રહેલો અર્શ અને વિગતો જણાવતાં પિતા જોઇ શકાય છે.

### સૌરાષ્ટ્ર ક્રાંતીનાં પત્રકાર ભુપતસિંહ રાઠોડનો આજે જન્મદિવસ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગરીબોને મદદરૂપ બની સેવાનું ભાથું બનનાર સૌરાષ્ટ્ર ક્રાંતીનાં પત્રકાર ભુપતસિંહ રાઠોડે યશસ્વી જીવનનાં ૫૬ વર્ષ પૂર્ણ કરી ૫૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા પરિવારજનો, મિત્રોવર્તુળો તેમના મો.નં. ૯૩૭૪૧૧૮૫૪૧ પર શુભેચ્છાઓનો ધોધ વરસાવી રહ્યા છે.

# પોસ્ટ ઓફીસમાં રાખડી મોકલવા ધસારો



રાજકોટઃ ઓગષ્ટ મહિનાની શરૂઆત હોય, પોસ્ટ ઓફીસ હેડ કવાર્ટર ખાતે છેલ્લા ૨ દિવસથી પેન્શન ઉપાડ, સેવીંગ્ઝ કે બાંધી મુદતની થાપણનું વ્યાજ લેવા અંગે ભારે ધસારો જોવા મળ્યો હતો, તમામ ૨૪ કાઉન્ટર હાઉસ ફુલ હતા, તે ઉપરાંત સંખ્યાબંધ લોકોનું વેઇટીંગ હતું, આ ઉપરાંત આવી રહેલા રક્ષાબંધન તહેવારો અંગે બહેનો પોતાના ભાઇને સમયસર રાખડીઓ-સુશોભીત કવર સાથે મોકલી શકે તે માટે જીલ્લા વાઇઝ અને સ્ટેટ વાઇઝ બોકસ ઉભા કરાયા છે, જયાં પણ છેલ્લા ૨ દિવસથી સતત ધસારો-પૂછપરછ શરૂ થઇ છે.

# તહેવારો નજીક આવતા એસ.ટીને રોજની ૫૦ લાખની આવક



(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ તહેવારોની મૌસમ શરૂ થતા રાજકોટ એસ.ટી. ડિવિઝનની આવકમાં ઉતરોતર વધારો થઇ રહ્યો છે, આવતા અઠવાડિયે ઢગલાબંધ રજાઓ આવે છે, દરેક એકસપ્રેસ,બસમાં ઓનલાઇન બુકીંગ ૭૫%ને વટાવી ગયું છે, અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ-ભુજ, જામનગર, મોરબી, દ્વારકા, વેરાવળ, સોમનાથ, જુનાગઢ તરફની બસો પ્લેટ ફોર્મ ઉપર મુકાય કે હાઉસફુલ બની જાય છે, સેંકડો હજારો પ્રેક્ષકો ઉમટી રહ્યા છે, આવક દરરોજની ૫૦ લાખે પહોંચી છે, સાતમ, આઠમમાં આ આવક ૬૦ લાખને વટાવી જાય તેવી શકયતા છે.

# તું અહીં રહીશ તો તને અને પુત્રને ચોથા માળેથી ઘા કરી દઈશ તેવી પરીણીતાને ધમકી

### બે પરિણીતાને ત્રાસ આપનાર સામે મહિલા પોલીસ મથકમાં નોંધાતો ગુનો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૫

રાજકોટમાં રેલનગરમાં રહેતી પરિણીતાના પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય અવારનવાર મારકૂટ કરતો તેમજ તું અહીં રહીશ આપતો હોય તેમજ બીજા બનાવમાં કારખાનેદાર પતિ સહિતના સાસરિયાઓ તું ગમતી નથી અને માવતરે તને કઈ શીખવાડ્યું નથી તેમજ રાત્રે મોડા આવતા પતિને વહેલા આવવાનું કહેતા મારકૂટ કર્યાની ફરિયાદના આધારે મહિલા પોલીસે બંને પરિણીતાની ફરિયાદ પરથી ગુના નોંધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રેલનગરમાં રહેતા પારૂલબેન ડેનીશભાઈ ભીમાણીએ અગાઉ છૂટાછેડા લીધા બાદ ૨૦૧૪માં કણજાના રહેવાસી ડેનીશ સાથે બીજા લગ્ન કર્યા હતા લગ્નજીવનમાં તેને દોઢ વર્ષનો પુત્ર હોવાનું જણાવ્યું હતું. પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય અવારનવાર ઝઘડાઓ કરતો જેથી તેની માતા સહિતના પરિવારજનોને બોલાવી સમજાવવાની કોશિષ કરી હતી ત્યાર બાદ બંને મોરબી ખાતે રહેવા ગયા હતા પરંતુ પતિમાં સુધારો આવેલ નહી પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય મારકૂટ કરેલ અને ઘેરથી નીકળી ગયેલ હોય પાંચ છ દિવસ પછી પતિ ઘેર આવેલ અને મને સમજાવી રાજકોટ પિયર મૂકી ગયેલ ત્યાર બાદ તેડવા નહીં આવતા હું પુત્રને લઇ મોરબી ગયેલ પરંતુ પતિએ ઘેર આવવા નહી દેતા હું એકલી પુત્ર સાથે મોરબી ખાતે રહેતી હોય જ્યાં પતિએ આવી તું અહિંયા રહીશ તો હું તને અને પુત્રને ચોથા માળેથી ઘા કરી દઈશ તેવી ધમકી આપતો હોય રાજકોટ આવી ફરિયાદ નોંધાવી હોવાનું જણાવતા જમાદાર જી એન પરમારે પતિ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

### બીજા બનાવમાં રાત્રે વહેલા આવવાનું કહેતા પતિ મારકૂટ કરતો હતો

જયારે બીજા બનાવમાં નાના મૌવા રોડ પર સગુન રેસિડેન્સીમાં ભાઈના ઘેર રહેતી પૂર્વીબેન ધનસુખભાઈ રામાણીએ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે પતિ ધનસુખ, સાસુ વિજુબેન અને સસરા રમેશભાઈ જીવરાજભાઈ રામાણીના નામો આપ્યા હતા ફરિયાદમાં જણાવ્યું હતું કે ડીસેમ્બર ૨૦૨૧નારોજ તેના લગ્ન થયા હતા ચાર પાંચ માસ સારી રીતે રાખ્યા બાદ પતિનું કારખાનું રાજકોટમાં હોય અને ભાડાના મકાનમાં રહેતા હોય સાસુ વહેલા ઊઠવાનું કહેતા અને તું ગમતી નથી, તારા માવતરે તને કઈ શીખવાડ્યું નથી તેમજ સસરા કહેતા કે દોઢ વર્ષથી પરણીને આવ્યા છો તને રસોઈ બનાવતા આવડતી નથી તેમજ માવતર વિષે જેમ તેમ બોલતા અને રાત્રે પતિને વહેલા આવવાનું કહેતી હોય પતિ ઝઘડો કરી મારકૂટ કરી ત્રાસ આપતા હોવાનું જણાવતા જમાદાર પી એમ પાટડીયાએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# સાયબર ક્રાઈમ પોલીસે ટ્રાવેલ્સ સંચાલકને રૂ. ૭૧,૭૪૦ પરત અપાવ્યા



રાજકોટના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક સાથે વેબસાઈટ હેક કરી એકાઉન્ટમાંથી રૂ.૭૧,૭૪૦ ઉપાડી છેતરપિંડી થયાના બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા વેપારીને તેના ગયેલ તમામ રૂપિયા પરત કરાવવામાં આવ્યા. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક વત્સલ કારિયા સાયબર ક્રાઇમ પોલીસમાં અરજી કરી હતી જેમાં તેમને જણાવ્યું હતું કે, તેમની વેબસાઇટ કોઈ વ્યક્તિ દ્વારા હેક કરી વેબસાઇટ ઉપરથી દુબઇની એર ટિકિટ બુક કરાવી રૂ.૭૧,૭૪૦ રૂપિયા ઉપાડી લઇ છેતરપિંડી થયાનું જણાવ્યું હતું. જે બાદ પોલીસે ટેક્નિકલ એનાલિસિસ આધારે કાર્યવાહી કરી આજ રોજ સંચાલક વત્સલ કારિયાને રૂ. ૭૧,૭૪૦ પરત અપાવવામાં આવ્યા છે.

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા વીજ ગ્રાહકોને સાવચેત રહેવા તાકિદ

# 'વીજબીલ ભરો, અન્યથા રાત્રે આપનું વીજ જોડાણ કપાઈ જશે: ચીટર ગેંગનો નવતર કીમિયો

**ગ્રાહકોને OTP કે પોતાની બેંક ખાતાની અન્ય કોઈપણ વિગત અજાણ્યા વ્યક્તિઓને ન જણાવવા તંત્ર દ્વારા ખાસ અનુરોધ**

**વીજતંત્ર દ્વારા ગ્રાહકોને તેના અધિકૃત આઈડી પરથી જ એસએમએસ એલર્ટ મોકલવામાં આવે છે, અન્યથી ચેતવા સૂચના**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

વીજ બિલ ભરો, અન્યથા રાત્રે આપનું વીજ જોડાણ કપાઈ જશે એવા મેસેજ મોકલીને પીજીવીસીએલના નામે સાયબર છેતરપીંડીના નવતર કીમિયાથી લોકોએ ચેતવું જરૂરી હોવાનું જણાવીને પીજીવીસીએલ દ્વારા વીજ ગ્રાહકોને નાણાંકીય ફ્રોડ જેવી ગુનાહિત પ્રવૃતિઓ માટે આવતા ખોટા એસએમએસ અંગે જરૂરી સ્પસ્ટતા કરાઈ છે.

વધુમાં જણાવ્યું છે કે, હાલ અજાણ્યા ઈસમો દ્વારા પી.જી.વી.સી.એલ.ના ગ્રાહકોને એસ.એમ.એસ. મોકલી તાત્કાલિક વીજ બિલ ભરવાનું જણાવી અનઅધિકૃત એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉનલોડ કરવાનું કહી નાણાંકીય છેતરપીંડી કરવામાં આવી રહી છે. પી.જી.વી.સી.એલ. તરફથી ગ્રાહકોને એસ.એમ.એસ. એલર્ટ તેના અધિકૃત આઈ.ડી. XX-PGVCLG તરફથી જ SMS મોકલવામાં આવે છે. આ સિવાય અન્ય કોઈ પણ આઈ.ડી. પરથી આવતા એસ.એમ. એસ. ને અવગણવા વિનંતી છે.

વીજ ગ્રાહકોને નાણાંકીય ફ્રોડ જેવી ગુનાહિત પ્રવૃતિઓ માટે આપવામાં આવતા ખોટા એસએમએસ અંગે જરૂરી સ્પષ્ટતા કરતા ઉમેર્યું છે કે, હાલ અજાણ્યા ઈસમો દ્વારા પી.જી.વી. સી.એલ.ના ગ્રાહકોને એસ.એમ.એસ. મોકલવામાં આવે છે.

જેમાં દરેક એસ.એમ.એસ. માં અલગ અલગ મોબાઈલ નંબર દર્શાવીને સદર મોબાઈલ નંબર પર સંપર્ક કરવાનું કહેવામાં આવે છે. જો કોઈ ગ્રાહક આપવામાં આવેલ મોબાઈલ નંબર પર સંપર્ક કરે તો તેમને કોઈ અનઅધિકૃત એન્ડ્રોઇડ એપ્લીકેશન ડાઉન લોડ કરવાનું કહેવામાં આવે છે અને ત્યારબાદ ગ્રાહકના મોબાઈલ પર આવેલ ૬ આંકડાનો OTP જણાવવા કહેવામાં આવે છે. આમ જો કોઈ ગ્રાહક OTP જણાવે તો તેમનો મોબાઈલ હેક કરીને નાણાંકીય નુકશાન જવાની સંભાવના રહેલી છે. જે અંગે પી.જી.વી.સી.એલ. દ્વારા સ્પસ્ટતા કરવામાં આવી છે કે,

(૧) પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ પુરવઠો ડીસ કનેક્શન કરવા અંગે અગાઉથી કોઈ એસ.એમ.એસ. મોકલવામાં આવતા નથી.

(૨) બાકી લેણી રકમની વસુલાત માટે પી.જી.વી.સી.એલ.ના અધિકૃત કર્મચારીઓ દ્વારા દિવસના સમય દરમિયાન જ ડીસ કનેક્શનની કાર્યવાહી કરવામાં આવે છે, સાંજે કે રાત્રીના સમયે આવી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

(૩) આથી વીજ ગ્રાહકોને પોતાના બીલ કે બાકી લેણી રકમ અંગે કંઈપણ મૂંઝવણ હોય તો આ પ્રકારના કોઈ અજાણ્યા મોબાઈલ નંબરને બદલે નજીકની પેટા વિભાગીય કચેરીનો જ સંપર્ક કરવા વિનંતી છે.

(૪) જયારે પણ પી.જી.વી.સી.એલ. દ્વારા બાકી બીલની લેણી રકમ ભરવા માટે એસ.એમ.એસ. મોકલવામાં આવે છે ત્યારે ગ્રાહક નંબર, તેમજ કેટલી રકમ બાકી રહે છે તેની સંપૂર્ણ વિગત સાથેના એસ.એમ.એસ. કરવામાં આવે છે. પરંતુ તેમાં કોઈ મોબાઈલ નંબર પર સંપર્ક કરવાનું કહેવામાં આવતું નથી.

(૫) પી.જી.વી.સી.એલ. દ્વારા ગ્રાહકોને બીલ / પેમેન્ટ તેમજ અન્ય એસ.એમ.એસ. એલર્ટ અધિકૃત આઈ.ડી. XX-PGVCLG તરફથી જ જખજમોકલવામાં આવે છે. આ સિવાય અન્ય કોઈ પણ આઈ.ડી. પરથી આવતા એસ.એમ.એસ. અવગણવા વિનંતી કરવામાં આવે છે.

(૬) વધુમાં વીજ કંપની દ્વારા ક્યારેય કોઈ OTP કે ગ્રાહકના વ્યક્તિગત બેંક ખાતા સબંધિત અન્ય કોઈપણ વિગત પૂછવામાં આવતી નથી. આ પ્રકારની ગુનાહિત પ્રવૃતિઓ દ્વારા નાણાકીય નુકશાનનો ભોગ બનવાથી બચી શકાય તે હેતુથી માનવંતા ગ્રાહકોને OTP કે પોતાની બેંક ખાતાની અન્ય કોઈ પણ વિગત અજાણ્યા વ્યક્તિઓને ન જણાવવા ખાસ અનુરોધ કરવામાં આવે છે.

# વલસાડ જિલ્લા પોલીસે દારૂના અડ્ડા પર સાગમટે દરોડા પાડયા

(કાર્તિક બાવીશી દ્વારા)

વલસાડ, તા.૫





**જિલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલાના આદેશનો કડક અમલ કરાવતી વલસાડ જિલ્લા પોલીસ:૧૬૬૮ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો**

વલસાડ જિલ્લા પોલીસનું ઓપરેશન દારૂ સફળ થઈ રહ્યું છે જેથી દારૂના વેચનાર પણ ડરી રહ્યા છે જિલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલાની રણનીતિથી બુટલેગરોની કમર તુટી છે રાજ્યમાં લઠ્ઠાકાંડની ઘટના બાદ જિલ્લા પોલીસ સતર્ક બની છે. જિલ્લા પોલીસે દેશી દારૂના અડ્ડા ઉપર રેડ કરી દેશી દારૂ વેચાણ અટકાવવાનો પ્રયાસ કરી રહી છે. ગઈકાલે વલસાડ જિલ્લા પોલીસે જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયામાં ૨૪૨ ઘરોમાં હાઉસ રેડ કરીને ૧૬૬૮ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દેશી દારૂના અડ્ડાના ૧૭૮ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ૭૪ વ્યક્તિઓ ઘરે હજાર ન મળતા તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વલસાડ જિલ્લા પોલીસે કુલ ૨૯ દેશી દારૂની લાઈવ ભઠ્ઠી પણ ઝડપી પાડી હતી. જેથી પોલીસની કામગીરીની પ્રશંસા થઈ રહી છે

રાજ્યમાં લઠ્ઠાકાંડમાં ૭૦થી વધુ લોકોના ભોગ લઈ ચૂક્યું છે. અને અસંખ્ય લોકો હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. જેને લઈને વલસાડ જિલ્લા પોલીસે જિલ્લામાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ ઉપર જિલ્લા પોલીસે સાગમટે રેડ કરી હતી. છેલ્લા એક અઠવાડિયામાં જિલ્લા પોલીસ જવાનોને પેટ્રોલિંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે તેમજ દારૂનો વેપલો કરતા ઘરોમાં હાઉસ રેડ કરી હતી. જિલ્લામાં દારૂનો વેપલો કરતા ઘરોમાં પોલીસે સાગમટે રેડ કરી કુલ ૨૪૨ ઘરોમાંથી ૧૬૬૮ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

વલસાડ જિલ્લામાં પોલીસ જવાનોની સાગમટે રેડ પડતા જિલ્લામાં બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. જિલ્લા પોલીસની રેડ દરમ્યાન ૨૯ દેશી દારૂની લાઈવ ભઠ્ઠીમાંથી ૬૪૪૧ લીટર વોશ ઝડપી પાડ્યો હતો. દેશી દારૂની ભઠ્ઠીનો સામાન અને દેશી દારૂ બનવવાનો વોશ અને ૩ વાહનો મળી ૨.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ વિરૂધ્ધ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.વલસાડ જિલ્લા પોલીસે ૨૪૨ કિલો અખાદ્ય ગોળ, ૪૧ કિલો નવસાર અને ૨૯થી વધુ દેશી દારૂની ભઠ્ઠીમાં ઉપયોગમાં અવતા સાધનો કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે. જિલ્લામાં વલસાડ જિલ્લા પોલોસે સપાટો બોલાવતા દારૂનો વેપલો કરતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. જિલ્લા પોલીસની સફળ કામગીરીની પ્રશંસા થઈ રહી છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રીય નાણામંત્રીને રજૂઆત

# ઈ-ઈન્વોઈસીંગની મર્યાદા રૂા.૨૦ કરોડ યથાવત રાખો

**ઓનલાઈન પ્રક્રિયામાં મર્યાદા ઘટાડવાથી અનેક વ્યાપારી એકમો માટે પ્રશ્નો–સમસ્યા ઉદ્‌ભવશે: ચેમ્બર**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઈ-ઈન્વોઈસીંગની મર્યાદા હાલની જોગવાઈ પ્રમાણે રૂા.૨૦ કરોડ યથાવત રાખવા કેન્દ્રીય નાણામંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

જેમાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ નોટીફીકેશન નં.૧૭/૨૦૨૨-સેન્ટ્રલ ટેક્ષ અન્વયે તા.૧-૧૦-૨૦૨૨ થી E-Invoicing ના ઓનલાઈન જનરેશનની મર્યાદા રૂા.૧૦ કરોડના વાર્ષિક ટર્ન ઓવર ઉપર લાગુ કરવામાં આવેલ છે. આ પહેલા વેપારીઓ દ્વારા કરવાપાત્ર ઓનલાઈન E-Invoicing ની મર્યાદા રૂા.૨૦ કરોડ હતી જે ઘટાડીને રૂા.૧૦ કરોડ કરવાથી અનેક વ્યાપારી એકમોને ફરજીયાતપણે E-Invoicing ની પ્રક્રિયા કરવી પડશે. આ પ્રક્રિયાના કેટલાક ફાયદાઓ તથા ઉપયોગીતાઓ હોવા છતા મધ્યમ વેપારીઓને સદર પ્રક્રિયાના ફરજીયાત અમલીકરણ સબબ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. ખાસ કરીને B2B અને B2C ઈન્વોઈસીસના સ્ટોરેજ અને સ્ટોપેજ તથા ડેટા રીકન્સીલીયન્સ જેવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવશે.

આથી આવા મધ્યમ વ્યાપારી એકમોને ઓનલાઈન E-Invoicing ની પ્રક્રિયામાંથી બાકાત રાખવા તથા હાલની જોવાઈ મુજબ રૂા.૨૦ કરોડની મર્યાદા યથાવત રાખવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

## રાજકોટના ઉદ્યોગપતિ સ્વ.પોપટભાઈ પટેલને ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલની શોકાંજલિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫: રાજકોટ એન્જીનીયરીંગ ક્ષેત્રે અગ્રેસર દાતા અને ઓઈલ એન્જીનને વિશ્વના માર્કેટમાં રાજકોટનું નામ રોશન કરનારા સાહસિક ઉદ્યોગપતિ પોપટભાઈ પટેલનું જૈફ વયે નિધન થયું છે. જે જાણીને શોક અને દુ:ખની લાગણી અનુભવું છું તેમ રાજકોટના ધારાસભ્ય ગોવિંદ પટેલે એક શોક સંદેશમાં જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે પોતાની સાહસિક વૃતિ અને દીર્ઘદ્રષ્ટિના કારણે તેઓ એક સફળ ઉદ્યોગપતિ બનેલ અને રાજકોટના અનેક નાના ઉદ્યોગોને કામ કરતા કરેલ. તેમના જવાથી ઉદ્યોગ જગતને મોટી ખોટ પડી છે.

## ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંસ્થાની અનોખી પહેલ

# કાલે રાજકીય કારકિર્દી અંગે સેમિનાર

**સર્વે સમાજ– જ્ઞાતિના યુવાનોને રાજકારણમાં કારકિર્દી ઘડવા માટે તજજ્ઞો દ્વારા અપાશે માર્ગદર્શન**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ અનેક વખત કહી ચૂક્યા છે કે, ખોડલધામ એ એક સંસ્થા નથી, ખોડલધામ એ એક વિચાર છે અને એ પણ એક મજબૂત વિચાર. ત્યારે ખોડલધામ પોતાની યશકલગીમાં એક નવીનતમ પીછું ઉમેરશે. રાજકીય કારકિર્દી ઘડવા માંગતા સર્વ સમાજ અને સર્વ જ્ઞાતિના યુવાનો માટે ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંસ્થા રૂપે (KYPLI) એક નવીનતમ પહેલ શરૂ થઈ રહી છે.

આ પહેલના ભાગરૂપે આવતીકાલે તારીખ ૬ ને શનિવાર ના રોજ બપોરે ૩ થી ૬, સરદાર પટેલ ભવન, ન્યુ માયાણીનગર, પાણીના ટાંકાની સામે, માલવિયા પોલીસ સ્ટેશન વાળી શેરી, મવડી રોડ, રાજકોટ ખાતે આ રાજકીય કારકિર્દી સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ નિ:શુલ્ક સેમિનારમાં અનેક પ્રખ્યાત વ્યક્તિઓ પોતાના અભિપ્રાયો અને મંતવ્ય રજૂ કરશે. આ સેમિનારમાં સર્વ સમાજના યુવાનોને ભાગ લેવા અનુરોધ કરાયો છે. અત્યાર સુધી અનેક લોકોએ આ સેમિનાર માટે રજીસ્ટ્રેશન કરાવ્યું છે. હજુ પણ રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલી રહી છે. વ્યવસ્થાના ભાગ રૂપે રજીસ્ટ્રેશન મો. ૭૦૬૯૯ ૨૯૨૯૭ કરાવવું જરૂરી છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

# જયેશભાઈ સંઘાણીનો આજે જન્મદિવસ



રાજકોટ: નાનપણથી જ દેશભકિતનાં રંગે રંગાયેલા રાષ્ટ્રીયસ્વયંસેવક સંઘના સંનિષ્ઠ સ્વયંસેવક મિલનસાર સ્વભાવવાળા જીવદયાપ્રેમી જયેશભાઈ સંઘાણીનો આજે જન્મદિવસ છે. તેઓ સૌરાષ્ટ્રની પ્રખ્યાત વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ સ્થાપના કાળ થી સ્વ, પ્રવીણકાકા મણીયાર સાથે પી.આર.ઓ તરીકે કામ કરેલ હતું અને એન્જિનિયરિંગ કોલેજ નોલેજ સેન્ટર ગ્રંથાલયમાં કોલેજ સ્થાપનાકાળથી પોતાની સેવાઓ આપેલ હતી. વીવીપી ની લાયબ્રેરીમાં પ્રોફેશનલ આસીટન્ટ, તથા પ્રચાર પ્રસારની જવાબદારી વહન કરેલ હતી. હાલ રાજકોટ મહાનગરમાં સહકાર ભારતીના રાજકોટ શહેરનાં મહામંત્રીની જવાબદારી નિભાવી રહ્યા છે. આજના શુભ દિવસે તેમનાં મોબાઈલ નં ૯૪૨૮૨૦૦૫૨૦ પર અગ્રણીઓ દ્વારા શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# વલસાડના ધરમપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલનું ઈ-લોકાર્પણ

**નવી હોસ્પિટલ 'સબ કા પ્રયાસ' ની ભાવનાને મજબુત બનાવે છે: મોદી**

(કાર્તિક બાવીશી દ્વારા)

વલસાડ, તા.૫



શ્રીમદ્ રાજચંદ્ર મિશન એ શાશ્વત ભાવનાનું પ્રતિક છે. આજે ધરમપુરમાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણની સાથે એનિમલ હોસ્પિટલ અને સેન્ટર ઓફ એક્સલન્સ ફોર વીમેનનું શિલાન્યાસ પણ કરાયું છે. જેનાથી દક્ષિણ ગુજરાતના આદિવાસીઓને લાભ થશે. શ્રીમદ્ રાજચંદ્રએ મૂકસેવકની જેમ સમાજ સેવાના જે બીજ વાવ્યા હતા તે આજે વટવૃક્ષ બન્યા છે. એવા પ્રેરક શબ્દો વલસાડ જિલ્લાના ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા રૂ. ૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલી ૨૫૦ બેડની મલ્ટિ સ્પેશિયાલિટી શ્રીમદ્ રાજચંદ્ર ચેરીટેબલ હોસ્પિટલનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન કરતી વેળા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉચ્ચાર્યા હતા.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કહ્યું કે, શ્રીમદ્ રાજચંદ્ર મિશન આદિવાસી વિસ્તારોમાં સેવાની ધૂણી ધખાવી છે. માનવથી માંડીને પશુઓ માટે સેવા અને દયાની પ્રેરણા શ્રીમદ રાજચંદ્રએ આપી છે. વધુમાં મુખ્યમંત્રીએ હર ઘર તિરંગા અભિયાનમાં સામેલ થઈ સૌને ઘરે-દુકાન–ઓફિસમાં તિરંગો લહેરાવવા અનુરોધ કર્યો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં હાજર નવસારીના સંસદ સભ્ય સી.આર. પાટીલે જણાવ્યું કે, આદિવાસી વિસ્તારમાં હોસ્પિટલ ચાલુ કરી તે મહત્વનું છે પણ તેથી પણ વધુ મહત્વનું એ છે કે આ હોસ્પિટલમાં એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના નિ:શુલ્ક સારવાર મળે તે મહત્વનું છે. વર્ષ ૨૦૦૪માં ૪૦ બેડથી શરૂ થયેલી. આ હોસ્પિટલ હવે ૨૫૦ બેડની થઈ છે. રાજચંદ્ર મિશને ગરીબ આદિવાસી વિસ્તારમાં નિ:શુલ્ક અને અત્યાધુનિક સુવિધા સાથેની હોસ્પિટલ શરૂ કરી ઈતિહાસ સર્જ્યો છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## સૌરાષ્ટ્રનાં વાતાવરણમાં પલ્ટો, વિવિધ વિસ્તારોમાં એકથી ત્રણ ઈંચ ભારે વરસાદ

સાવરકુંડલા તાલુકામાં પણ વરસાદ શરૂ થયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ ચાલુ થયો છે. ભાવનગર, ગીર સોમનાથ અને બોટાદ જિલ્લામાં પણ આજે ધોધમાર વરસાદ પડતા અડધાથી ત્રણ ઈંચ પાણી પડી ગયાનું નોંધાયું છે. ગોહિલવાડનાં સિહોર અને વલભીપુરમાં દોઢ ઈંચ, ગારીયાધાર, ઉમરાળા અને પાલીતાણામાં એક- એક ઈંચ અને તળાજામાં અડધો ઈંચ વરસાદ નોંધાયો છે. ભાવનગર શહેરમાં સવારથી વાદળીયું વાતાવરણ છે. ગીર સોમનાથનાં તાલાળામાં અઢી અને સુત્રાપાડામાં એક ઈંચ વરસાદ પડ્યો છે. ભાવનગરનાં ગારીયાધારમાં એક, પાલીતાણામાં એક ઈંચ વરસાદ પડ્યો છે. સુરેન્દ્રનગરનાં લખ્તારમાં એક ઈંચ અને ધાંગધ્રામાં અડધો ઈંચ પાણી પડ્યું છે. રાજકોટ જિલ્લામાં જેતપુરમાં ધોધમાર દોઢ ઈંચ વરસાદ પડ્યાનું નોંધાયું છે. વરસાદનાં નવા રાઉન્ડથી ખેડૂતો ખુશખુશાલ થઇ ઉઠ્યા છે અને પાકને જબ્બર ફાયદો થવાની આશા છે.(૨.૧૨)

## મોંઘવારીનાં પ્રશ્ને કોંગ્રેસની ઉગ્ર લડત: દિલ્હીમાં ૧૪૪ મી કલમ લાગુ

મોંઘવારીનાં ભારે હેઠળ પીસાઈ રહ્યા છે. સૌથી વધુ બેરોજગારી ભારતમાં છે. પેટ્રોલ-ડીઝલ અને ગેસનાં ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે પણ નાણામંત્રીએ આ દેખાતું નથી. રાહુલે ટકોર કરી હતી કે, તમે દેશના કોઈપણ ગામ કે શહેરમાં જાવ અને પૂછશો તો તો લોકો જણાવશે કે અમે મોંઘવારીનાં ચક્રમાં પીસાઈ રહ્યા છીએ. સરકારને આ બધું દેખાતું નથી. અમે સંસદમાં મોંઘવારી અને બેરોજગારી પર બોલવા માંગીએ છીએ. પણ અમને ચર્ચા કરવા દેવાતી નથી. જે કોઈ બોલે કે વિરોધ કરે તો ધરપકડ કરી લેવામાં આવે છે. રાહુલે પડકાર કર્યો હતો કે, હું મોંઘવારી અને બેકારીનાં મુદ્દા ઉઠાવતો રહીશ. જે ડરે છે તે ધમકાવે છે. આજે દેશની જે સ્થિતિ છે તેનાથી એ લોકો ડરે છે. લોકોની શક્તિથી તેઓ ડરે છે કારણ કે, તેઓ ૨૪ કલાક ખોટું બોલે છે. આજે કોંગ્રેસે બે પ્રકારે આંદોલનનું એલાન કર્યું છે. ચલો રાષ્ટ્રપતિ ભવન અને પીએમ હાઉસને ઘેરાવ આંદોલનની જાહેરાત કરતા દિલ્હીમાં ભારે લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કોંગ્રેસ બે સ્તરે આજે પ્રદર્શન કરી રહી છે. પક્ષનાં તમામ સાંસદો વિજય ચોક થઈને રાષ્ટ્રપતિ ભવન તરફ કુચ લઇ જશે. જયારે પક્ષનાં અન્ય નેતાઓ અને કાર્યકરો કોંગ્રેસનાં વડામથકેથી પીએમ હાઉસ ધસી જશે અને પીએમ હાઉસને ઘેરાવ કરી દેશે. દરેક રાજ્યોનાં પાટનગરમાં કોંગ્રેસનાં નેતાઓ અને કાર્યકરો રાજભવન સુધી કુચ કરી રહ્યા છે. તાલુકા અને જિલ્લા મથકો ઉપર પણ જોરદાર દેખાવો કરવામાં આવી રહ્યા છે.(૨.૧૨)

## ગુજરાતમાં એન્જીનીયરીંગ, ફાર્મસી, એમબીએની ૪૭૦૦ બેઠકો ઘટાડાઈ

ઈન્સ્ટીટયુટમાં ચકાસણી કરવામાં આવી હતી એ પૈકી ૩૮ જેટલી સ્વનિર્ભર સંસ્થાઓ પાસે લેબોરેટરી સહિતની કોઈ જરૂરી સાધન સુવિધાઓ જોવા મળી નથી. આવી કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં તો ત્રણ- ત્રણ વર્ષથી પ્રિન્સીપાલ અને ડાયરેક્ટરનો હોદ્દો પણ ખાલી છે એટલે આ ૩૮ સંસ્થાઓની ૪૭૦૦ થી વધુ બેઠકો ઘટાડવામાં આવી છે. તેમ જીટીયુનાં ઉપકુલપતિ પ્રો.નવીન શેઠ જણાવે છે. એ જ પ્રકારે ચાર ઈજનેરી કોલેજ અને પાંચ ડિગ્રી ઈજનેરી કોલેજ પણ જરૂરી સાધન સુવિધાઓ ધરાવતી ન હોવાથી તેમાં એડમીશન બંધ કરવામાં આવ્યા છે. આ સંસ્થાઓનાં નામ હજુ જાહેર કરાયા નથી. કેટલાક માહિતગાર સુત્રોએ આવી ૯ સંસ્થાઓનાં નામ જાહેર કરી દીધા છે. જેમાં એક રાજકોટની સંસ્થા ઓરમ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી છે. એક ગોધરાની સંસ્થા છે. ત્યારે બે સાબરકાંઠાની સંસ્થા છે.(૨.૧૨)

## મુંબઇ–અમદાવાદ વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ દોડાવવા તૈયારી

વચ્ચે ત્રણ હોલ્ટ સ્ટેશન તથા અઠવાડિયામાં શનિવાર સિવાય છ દિવસ દોડાવવામાં આવશે. હાલમાં હંગામી યોજના છે, પરંતુ આ જ રૂટમાં દોડાવાતી શતાબ્દી અને તેજસ એક્સપ્રેસને પણ કદાચ રિપ્લેસ કરી શકાય છે, એમ પશ્ચિમ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. હંગામી ધોરણે તૈયાર કરવામાં આવેલી યોજના અંતર્ગત આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી બપોરના ૨.૪૦ વાગ્યે ઉપાડવામાં આવશે, જયારે રાતના નવ વાગ્યે અમદાવાદ પહોંચશે. એ જ પ્રકારે અમદાવાદથી બપોરના ૧.૩૦ વાગ્યાના સુમારે ઉપાડવામાં આવશે, જયારે રાતના ૭.૪૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. હાલના તબક્કે મુંબઈથી અમદાવાદ વચ્ચે શતાબ્દી, દૂરંતો, રાજધાની સહિત તેજસ એક્સપ્રેસ વગેરે પ્રીમિયમ અને સેમી હાઈ સ્પીડની ટ્રેનો દોડાવવામાં આવે છે, જે કલાકના ૧૩૦ કિલોમીટરની સ્પીડથી દોડાવાય છે, જેમાં આ જ રૂટની ટ્રેનના બદલામાં વંદે ભારત ટ્રેન દોડાવાય કે અલગ રૂટમાં દોડાવાય તે અંગે અધિકારીએ સ્પષ્ટતા કરી નહોતી, પરંતુ તેના અંગે ટૂંક સમયમાં જાહેરાત થશે, એવું તેમણે જણાવ્યું હતું.

## નવજાત બાળાને દૂધ પીતી કરવાનો પ્રયાસ નિષ્ફળ: માતા–પિતાની ધરપકડ

બાળાની હત્યાનાં પ્રયાસનાં આરોપસર માતા-પિતાની ધરપકડ કરી લીધી હતી. આ ઘટનાએ આખા ગામમાં સોપો પાડી દીધો છે અને રાજ્યભરમાં આ ઘટના ગંભીર ચર્ચાનો વિષય બની છે. (૨.૧૨)

# શિક્ષકોના ગણવેશમાં કૌભાંડ આચર્યાનો આક્ષેપ

## નગરપાલિકા શિક્ષણ સમિતિના ચેરમેન દ્વારા



### શિક્ષણ પરિષદ આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા મ્યુ.કમિશનર મારફત શિક્ષણ મંત્રીને કરાઈ રજૂઆત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

રાજકોટ મહાનગરપાલિકા હેઠળ આવતી ન.પ્રા. શિક્ષણ સમિતિના ચેરમેન દ્વારા આચાર્ય-શિક્ષકોના ગણવેશમાં ખૂબ મોટાપાયે કૌભાંડ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે,

રાજકોટ મહાનગરપાલિકા હેઠળ આવતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન દ્વારા આચાર્ય શિક્ષકોના ગણવેશમાં ખૂબ મોટા પાયે કૌભાંડ કરવામાં આવેલ, તેવું જાણવા મળેલ છે. તેથી આ કૌભાંડની ન્યાયિક તપાસ કરવા તેમજ દોષિતોને સજા મળે તે માટે આમ આદમી પાર્ટી શિક્ષણ સેલ દ્વારા આજે મહાનગરપાલિકાના કમિશનરને તેમજ તેમના મારફત રાજયના શિક્ષણ મંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવેલ. રજૂઆતમાં જણાવ્યું છે કે, સ્કૂલ ઓફ એકસિલન્સના સંદર્ભે ૧૮ જેટલી શાળાઓના ડેવલોપમેન્ટ માટે મંજૂર થયેલ ગ્રાન્ટનો દૂરઉપયોગ કરવામાં આવેલ છે. આ ગ્રાન્ટનો દુરૂપયોગ શિક્ષકો અને આચાર્યો માટે ગણવેશની ૫૫૦૦ રૂપિયાની બે જોડીમાં થયો છે. આ બે જોડી ગણવેશની કિંમત આશરે ૧૧૦૦ થી ૧૨૦૦ જેટલી હોવાની જાણવા મળ્યું છે. આમ શાળાના શિક્ષકો અને આચાર્યની ટોટલ સંખ્યા ૩૧૦ છે. આ શિક્ષકોને ૧૯ લાખના હલકી ગુણવતાવાળા ગણવેશ આપી કૌભાંડ આચરેલ હોય તેવું જણાય છે. તેમજ અન્ય ૬૯૦ શિક્ષકોને ૩૧ લાખના ગણવેશ આપે તે પહેલાં આ કૌભાંડનો ભાંડો ફૂટી ગયો છે. આ ઉપરાંત આ કૌભાંડ આચરવા માટે તેમજ વચ્ચેથી કમિશન મેળવવા માટે નગર પ્રાથમિક સમિતિના ચેરમેન દ્વારા આચાર્યોને ફરજિયાત આર્ય એન્ટરપ્રાઇઝ અને પૂર્વા સ્કૂલ સ્ટેશનરીમાંથી જ ખરીદી કરવાનું પ્રેશર કરવામાં આવેલ. જો આચાર્યો દ્વારા આમ કરવામાં ન આવે. તો માનસિક ત્રાસ આપવામાં આવે છે. આ સમગ્ર ઘટનામાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનનું નામ આવી સામે આવી રહ્યું છે અને અન્ય બે નામ પણ સંડોવાયેલ છે. જે ઉપર દર્શાવેલ પેઢીના માલિક હોવાનો આક્ષેપ કર્યો છે.

આ નગર પ્રાથમિક શિક્ષણને કલંકિત કરતી ઘટના કે, જે ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા વિદ્યાર્થી અને સ્કૂલના ડેવલપમેન્ટ માટે હતી. જેમાં શાળાઓના બાંધકામ, પીવાના પાણી માટે R.O, રમતગમતના સાધનો, લાયબ્રેરી, વગેરે માટે ગ્રાન્ટ વાપરવાની હતી, જે તેના બદલે આવા ગણવેશ કૌભાંડમાં વાપરવામાં આવેલ. તેથી આમ આદમી પાર્ટી શિક્ષણ સેલ દ્વારા સ્પષ્ટ માંગ કરવામાં આવી છે કે, આ કૌભાંડની તપાસ માટે કમિટી નીમવામાં આવે અને તાત્કાલિક ધોરણે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનને સમિતિનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી નિલંબિત કરવામાં આવે. આ કૌભાંડમાં જે કોઈ પણ સંડોવાયેલ હોય તેના વિરૂધ્ધ ફોજદારી ગુનો નોંધવામાં આવે અને કડક કાર્યવાહી કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવે. અન્યથા આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. તેમ જણાવ્યું છે.

# રાજકોટ જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં નાણાપંચના કામોનો બહાલી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

રાજકોટ જિલ્લા પંચાયતની આજે સામાન્ય મળી જેમાં ગત સામાન્ય સભાની કાર્ય નોંધને બહાલી આપવામાં આવી હતી. અને જીલ્લા પંચાયતના ૧૫મું નાણાપંચ ૨૦૨૨-૨૩ જિલ્લા કક્ષાની ૧૦% ગ્રાન્ટને બહાલી આપવામાં આવી. તેમજ આવક ખર્ચના વિવરણ પત્રકો મંજૂર કરવામાં આવ્યા હતા. જીલ્લા પંચાયત દ્વારા ૧૫માં નાણાપંચ હેઠળ ૩૬ ગ્રામ પંચાયતના સોલાર રૂફ ટોપ, તેમજ જુદા-જુદા તાલુકાના ગામોમાં ૬૯.૫૦ લાખના ખર્ચે કોઝ-વેના કામો તાલુકાના વિવિધ ગામોમાં રૂ.૪૦ લાખના ખર્ચે સીસીટીવી કેમેરાના કામો, અને રાજકોટ જિલ્લાના તાલુકાના વિવિધ ગામોમાં રૂ.૩૬ લાખના ખર્ચે કમ્પાઉન્ડ હોલ અને દિવાલના કામો તેમજ તાલુકાના ગામોમાં સ્ટ્રીટલાઈટ અને એલ.ઈ.ડી. લાઈટના ૨૩.૫૦ લાખના કમો તેમજ ૪૨.૭૫ લાખના ખર્ચે રાજકોટ જીલ્લાના તાલુકાના ગામોમાં ભુગર્ભ ગટર અને ગટરના કામો અને કોઝ-વે ચેકડેમ, ચેકડેમ કમ કોઝ-વે, ૫૦૦ લીટર કેપેસીટીના આર.ઓ. પ્લાન્ટ મુકવાનું કામ તેમજ પાઈપલાઈનના કામોને ૧૫માં નાણાપંચ હેઠળ બહાલી આપવામાં આવી.

રાજકોટ જીલ્લા પંચાયતની ખાસ સામાન્યસભા હોવાથી પ્રશ્નોતરી રાખવામાં આવી નહોતી. રાજકોટ જીલ્લામાં લમ્પી વાઈરસની જરૂરીયાત હોય તો સ્વભંડોળમાંથી ૨ લાખ લમ્પી રોગ વિરોધી રસી કરવા અને લમ્પી વાયરસ અંગે ભુપતભાઈ બોદરે જણાવ્યું કે, રાજકોટ જીલ્લાને રસીની કમી થવા નથી દીધી. લમ્પી વાયરસ અંગે જીલ્લા પંચાયતનું તંત્ર, જીલ્લા પંચાયતના સદસ્યો ગામડે-ગામડે જઈ કેમ્પો કરવામાં આવ્યા છે લમ્પી વાયરસની રસી અંગે ભુપતભાઈએ જણાવ્યું હતું કે, લમ્પી વાયરસની રસી સરકાર ફ્રીમાં આપે છે તેથી કોઈએ રૂપિયા દેવા નહીં. જો પ્રાઈવેટમાં કોઈ મુકાવેતો તે રૂપિયા લેતા હોય છે. સરકાર લમ્પી વાયરસની રસીના રૂપિયા લેવામાં આવતા નથી. આજરોજ યોજાયેલ જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં અર્જુન ખાટરીયા, ભાનુબેન બાબરીયા, ગીતાબેન ચાવડા દ્વારા રજા રીપોર્ટ આપવામાં આવ્યો હતો.

### રાજકોટ જિલ્લા પંચાયતના અદ્યતન ભવનની ડિઝાઈન તૈયાર : નવું ભવન રૂ.૪૫ કરોડના ખર્ચે બનશે

રાજકોટ: રાજકોટ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. નવું ભવન રૂ.૪૫ કરોડના ખર્ચે અદ્યતન બનશે. નવા ભવનમાં પ્રમુખની ચેમ્બર, કારોબારી ચેરમેનની ચેમ્બર, ડીડીઓની ચેમ્બર, વિવિધ ચેરમેનની ચેમ્બરો, ડ્પ્યુટી ડી.ડી.ઓની ચેમ્બર પ્રથમ ફ્લોર ઉપર, બીજા ફ્લોરમાં વિકાસ, પંચાયત, હિસાબી, વિવિધ શાખાની ચેમ્બરો અને ૩૫૦ લોકો બેસી શકે તેવો હોલ ત્રીજા ફ્લોરમાં સિંચાઈ, આંકડા શાખા પશુપાલન, ખેતીવાડી શાખા રાખવામાં આવી છે. ચોથા ફ્લોરમાં બાંધકામ વિભાગ બનાવવામાં આવશે.

### રાજકોટ જીલ્લા પંચાયતની ડાયરીનું વિમોચન કરાયું

રાજકોટ જીલ્લા પંચાયતની સામાન્ય સભાપૂર્ણ થયા બાદ જીલ્લા પંચાયતની ડાયરીનું વિમોચન કરવામાં આવ્યું જિલ્લા પંચાયતની ડાયરીનું વિમોચન જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર, ડી.ડી.ઓ દેવ ચૌધરી, ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, કારોબારી ચેરમેન સહદેવસિંહ જાડેજાની તેમજ વિવિધ ચેરમેનનો અને સદસ્યોની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયતની ડાયરીનું વિમોચન કરવામાં આવ્યું.

## ટીટેનસ અને ડીપ્થેરીયા રસીકરણ કાર્યક્રમનો શુભારંભ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા મેયર ડો. પ્રદિપ ડવ, ડેપ્યુટી મેયર ડો દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઇ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, નાયબ કમિશનર આશિષ કુમાર (IAS) ના માર્ગદર્શન હેઠળ તથા આરોગ્ય સમિતી ચેરમેન ડો. રાજેશ્રી ડોડીયા, આરોગ્ય અધિકારી જયેશ વાકાણી, આર.સી.એચ.ઓ.શ્રી લલીત વાજા, નાયબ આરોગ્ય અધિકારી હાર્દીક મેતાના વરદ હસ્તે તા.૨ ઓગસ્ટના રોજ ટીટેનસ અને ડીપ્થેરીયા રસીકરણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. ૧૦ વર્ષ અને ૧૬ વર્ષના અંદાજીત ૪૦,૦૦૦ જેટલા બાળકોને ટીટેનસ અને ડીપ્થેરીયા રસીકરણ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવશે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

# ફિમેલ હેલ્થ વર્કર સહિત આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા. ૫

આગામી તા. ૮મીથી હજારો આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પાડશે. ફિમેલ હેલ્થ વર્કર સહિત આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે. આ કારણોસર રાજયના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર આરોગ્ય સેવાઓ ખોરવાઇ શકે છે.

ગુજરાત રાજય આરોગ્ય કર્મચારી મહાસંઘના મતે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, આરોગ્ય ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના અધિકારીઓ સાથે મુખ્ય ત્રણેય માંગણીઓના મુદ્દે ચર્ચા થઇ હતી અને પ્રશ્ન ઉકેલવાની સરકારે ખાતરી આપી હતી. આમ છતાંય હજુ સુધી આ પ્રશ્નનો ઉકેલ આવી શકયો નથી જેથી અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.

# મોરબીમાં મેડિકલ કોલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશની મંજુરી



### નેશનલ મેડિકલ કમિશન દ્વારા મંજૂરીની મહોરઃ મંત્રી બ્રિજેશ મેરજા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
મોરબી, તા.૫

મોરબી-માળિયાના ધારાસભ્ય અને રાજ્યમંત્રી બ્રિજેશભાઈ મેરજાએ મોરબીને મેડિકલ કોલેજ મળે તે માટે સઘન પ્રયાસો કર્યા હોય જેની ફળશ્રુતિ રૂપે મોરબી મેડિકલ કોલેજને મંજૂરી મળી ગઈ છે તો હવે આ વર્ષથી ૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશની મંજૂરી મળી છે.

મંત્રી બ્રિજેશભાઈ મેરજાએ માહિતી આપતા જણાવ્યું હતું કે નેશનલ મેડિકલ કમિશનનો લેટર ઓફ ઈન્ડેકટ રાજ્ય સરકારને મળી ગયો છે જેમાં જણાવ્યા અનુસાર મોરબી મેડિકલ કોલેજને આ વર્ષથી ૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશની મંજૂરી આપી છે GMERS મોરબી મેડિકલ કોલેજમાં ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને અભ્યાસની તક મળે તે માટે સતત ફોલોઅપના અંતે નેશનલ મેડિકલ કમિશન દ્વારા મોરબી મેડીકલ કોલેજ માટે વર્ચ્યુઅલી ઈન્સ્પેકશન રાખ્યું હતું જેમાં બ્રિજેશભાઈ મેરજાએ ઊંડાણપૂર્વક રસ લઈને ચાલુ સત્રમાં ૧૦૦ વિદ્યાર્થીઓને અભ્યાસની સગવડતા અંગે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને પુરક બની, સ્કૂલ સંકુલમાં મેડિકલ કોલેજ ચાલુ કરવાની જે જહેમત ઉઠાવી હતી તે લેખે લાગી છે.

નેશનલ મેડિકલ કમિશને ગીબ્શન સ્કૂલ સંકુલમાં ચાલુ વર્ષથી જ ૧૦૦ વિદ્યાર્થીઓ સાથે એમબીબીએસનું પ્રથમ વર્ષ ચાલુ કરવા સત્તાવાર મંજૂરી આપી છે જેથી મંત્રી બ્રિજેશભાઈ મેરજાએ રાજયના મુખ્યમંત્રી, કેન્દ્રીય આરોગ્યમંત્રી અને રાજ્યના આરોગ્ય મંત્રીનો અભિનંદન સાથે આભાર વ્યક્ત કર્યો છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક



ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઇનના 5 Rs.
મિનીમમ ૫ લાઇન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


## અવસાન નોંધ

જસદણ: લુહાર નિર્મળાબેન (ઉ.વ.૬૫) તે સવર્ગસ્થ ગોપાલભાઈ અમરશીભાઈ દાવડાના પત્ની સ્વર્ગસ્થ અમરશીભાઈ મોહનભાઈ મારું (મોરબી) ના પુત્રી ચમનભાઈના ભાભી હિતેશભાઈ, કિરીટભાઈ, દિવ્યાબેન અશ્વિનભાઈ મકવાણા (બાવળા) ના માતા કૌશલ, ભાર્ગવ, યશ, જયના દાદીમાંનું તા. ૪ ઓગષ્ટ ૨૦૨૨ ને ગુરૂવારના રોજ જસદણ મુકામે નિધન થયેલ છે સદ્ગતનું બેસણું તા.૮ ઓગષ્ટ ૨૦૨૨ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ તેમનાં નિવાસસ્થાન સહીયર સોસાયટી જસદણ ખાતે રાખેલ છે. શોક સંદેશા માટે પુત્ર હિતેશભાઈ (મો.૯૮૯૮૮૯૨૩૯૮)

વાંકાનેર: વાંકાનેર નિવાસી સ્વ.ગોરધનદાસ માધવજી પટેલની પુત્રી જશુમતીબેન (સ્વ.વસંતભાઈ, ભુપતભાઈ તથા અશોકભાઈના બહેન તથા સંજયભાઈ, જતીનભાઈ તથા તુષારભાઈના ફૈબા (ઉ.વ.૭૫) નું તા.૪ ને ગુરૂવાર ના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું ૬ ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ અમારા નિવાસસ્થાને જીનપરા વાંકાનેર ખાતે રાખેલ છે.

# સદર વિસ્તારમાં તાજીયા કમિટીની મિટિંગ સંપન્ન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫



સદર તાજીયા કમિટીના પ્રમુખ તરીકે હબીબભાઈ ગનીબાપુ કટારીયા અને મહામંત્રી તરીકે એજાજ બુખારીની નિમણુંક

સદર વિસ્તારમાં બનતા તાજીયા અને રૂટ ઉપર ફરતાં તાજીયાઓ, પંજા સવારી, જાફર અખાડાઓ, ન્યાઝ કમિટી, વાએઝ કમિટી, સબીલ કમિટીની વ્યવસ્થા અને સંચાલન માટેની એક મિટિંગ રાજકોટના મુસ્લીમ સમાજના અગ્રગણ્ય આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાઈ. સદર તાજીયા કમમિટીની કમિટી જાહેર કરતાં સદર તાજીયા કમિટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા, મહામંત્રી એજાજબાપુ બુખારી, ઉપપ્રમુખ રફીકબાપુ બુખારી, ઉપપ્રમુખ પરવેઝભાઈ કુરેશી, ઈકબાલબાપુ બુખારી, ઈમરાનભાઈ શેખ, અફઝલભાઈ મોગલ, જાફરભાઈ બાવાણી, ઈકબાલભાઈ ચૌહાણ, યુનુસભાઈ કટારીયા, યુનુસભાઈ મકરાણી, રતીબાપુ બંદેલા, સબીરભાઈ કુંવાળીયા વગેરેની નિમણુંક કરતાં સદર તાજીયા કમિટીના પ્રમુખ હબીબભાઈ ગનીબાપુ કટારીયા અને મહામંત્રી એજાજબાપુ બુખારી તથા હાજી હુસેનભાઈ માંડલીયાની સંયુક્ત યાદીમાં જણાવાયું છે.

# લોકમેળાની તડામાર તૈયારીઓ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૫

શહેરના રેસકોર્ષ મેદાનમાં તા.૧૭થી ૨૧ ઓગસ્ટે લોકમેળો યોજાઈ રહ્યો છે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૧૫ દિવસથી કોરોનાના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. તબીબોએ લોકોને વધતા જતા કેસને લઈને સાવચેતી પૂર્વક તહેવારો મનાવવા અપીલ કરી છે.

જે લોકોને વેકિસન લેવાની બાકી હોય તે લોકો વેકિસન લઈ લે. સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક અને સેનિટાઈઝરનો ઉપયોગ તબીબરાએ ખાસ સલાહ આપી છે.

બે વર્ષ બાદ સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમના પર્વની ધામધૂમથી ઉજવણી થવા જઈ રહી છે. સૌરાષ્ટ્રનો સૌથી મોટો એવો રાજકોટનો લોકમેળો આ વર્ષે યોજાવાનો છે. જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લાખો લોકો આ મેળાની મજા માણવા આવનાર છે. ત્યારે તંત્ર કોરોના મામલે સાવધાન થયું છે. અને માસ્ક પહેરવા તેમજ રસીના બંને ડોઝ લઈ લેવા માટે લોકોને જાગૃત કરાશે. લોકમેળાના પ્રવેશ દ્વારો ઉપરથી જ માસ્ક અંગે સુચના આપવામાં આવશે.

## રામકૃષ્ણ આશ્રમમાં શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ઉદ્ઘાટન

# રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા વિશે રવિવારે પરિસંવાદ

## રાજયભરના શિક્ષક, આચાર્ય અને શિક્ષણવિદો ભાગ લેશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.પ

આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા તારીખ સાતમી ઓગસ્ટ રવિવારના રોજ રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષકોની ભૂમિકા વિષય પર રાજ્ય સ્તરીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનાર સવારના પોણા નવ વાગ્યાથી સાંજના પોણા સાત સુધી રામકૃષ્ણ આશ્રમના વિવેક હોલમાં યોજાશે.આ સેમિનારમાં રાજ્યભરના શિક્ષક, આચાર્ય અને શિક્ષણવિદો ભાગ લઈ રહ્યા છે. સેમિનારમાં જાણીતા વક્તાઓ દ્વારા વકતવ્ય, ઓડિયો-વિઝ્યુઅલ, પ્રશ્નોત્તરી સત્ર, દેશભક્તિ ગીતો વગેરેનો સમાવેશ થશે. સમગ્ર સેમિનારનું આશ્રમની વેબસાઈટ આરકેએમડોટઓઆરજી તથા આશ્રમની યુટયુબ ચેનલ પર પણ જીવંત પ્રસારણ થશે. રામકૃષ્ણ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું હતું કે,આ સંમેલનનું ઉદઘાટન ગુજરાતના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે થશે. આ સેમિનારમાં રાજકોટના મેયર ડો.પ્રદીપ ડવ વિશેષ ઉપસ્થિત રહેશે. અન્ય વક્તાઓમાં ભારતીય શિક્ષણ મંડળના રાષ્ટ્રીય સંગઠન સચિવ મુકુલ કાનિટકર,રામકૃષ્ણ મઠ, બેંગલુરૂના અધ્યક્ષસ્વામી નિત્યાસ્થાનંદ, ગુજરાત યુનિવર્સિટી અને ભાવનગર યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર,ડો. નરેશ લક્ષ્મીદાસ વેદ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ડો. રમેશચંદ્ર જી. કોઠારી, લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશન, ભાવનગરના કુલપતિ ડો. ભદ્રાયુ વછરાજાની, સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલના સહસ્થાપક ગુલાબભાઈ જાની તથા લોકપ્રિય ગુજરાતી લેખિકા અને વકતા જ્યોતિબેન થાનકીનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે મુકુલ કાનિટકરે નાગપુરથી એલ.એલ.બી. ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓ વિવેકાનંદ કેન્દ્ર, કન્યાકુમારીના ભૂતપૂર્વ જીવનવ્રતી છે. તેઓ વિવેકાનંદ ઇન્ટરનેશનલ ફાઉન્ડેશન, નવી દિલ્હીના ભૂતપૂર્વ સચિવ પણ છે. તેઓએ હિન્દી, મરાઠી અને અંગ્રેજીમાં અનેક લેખો અને પુસ્તકો લખ્યા છે. તેઓ એક પ્રતિષ્ઠિત શિક્ષણ શાસ્ત્રી, વિચારક, વિદ્યાન અને પ્રેરક વ્યક્તિત્વ છે. તેમણે ૨૫૦૦ થી વધુ વર્કશોપનું આયોજન કર્યું છે જેના દ્વારા લગભગ આઠ લાખ વિદ્યાર્થીઓને લાભ મળ્યો છે. ડો. નરેશ લક્ષ્મીદાસ વેદ પાસે શિક્ષણનો ૪૪ વર્ષ અને સંશોધનમાં ૩૦ વર્ષનો બહોળો અનુભવ છે. તેઓ સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રોફેસર અને ગુજરાતી વિભાગના વડા; યુ.જી.સી., એચ.આર.ડી.સી., વલ્લભ વિદ્યાનગરમાં પ્રોફેસર અને ડિરેક્ટર હતા તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના પ્રો-વાઇસ ચાન્સેલર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર તથા વિવિધ સ્થળોએ ગઅઅઈ સમિતિઓના અધ્યક્ષ તરીકે પણ ફરજ બજાવી છે. તેમણે ૨૦૦ થી વધુ લેખો અને ૨૦ પુસ્તકો લખ્યા છે.

# સંભારણા

## અંતે મનનો મોગરો ખીલ્યો..

ખુશ્બુ: આજે પણ તું પાછી આવી ફૂલ માંગવા? છોકરી: હા, થોડાક જ જોવે છે, આપોને માઇ, તમારા ઝાડમાં આટલો બધો મોગરો ખીલ્યો છે એટલે માંગુ છું. તે ૧૩-૧૪ વર્ષની છોકરી ખુશ્બુને વિનવતી હતી. ખુશ્બુ: ના પાડી ને એકવાર તને, ચલ જા અહીથી. એમ કહીને પોતે અંદર જતી રહી. જતા જતા બબડવા લાગી.. ક્યાંથી આવી જાય છે કોણ જાણે? ફોકટમાં જોઈએ ને! બહુ જરૂર હોય તો પૈસા ખરચીને લાવવાના ને! ત્યાં જ સામેથી આવતો રાઘવ તેને ભટકાતા રહી ગયો. 'કોની સાથે બોલે છે? કોઈ દેખાતું તો નથી'. ખુશ્બુ: જોને અઠવાડિયાથી એક છોકરી ફૂલ માંગવા આવે છે. કહે છે ભગવાનને ચઢાવવા છે. આટલી જ હોંશ હોય તો વેચાતા લઈ લેવાના ને! રાઘવ: ખુશ્બુ, તે ફુલ જ તો માંગે છે, બીજી કોઈ કીમતી ચીજ વસ્તુ તો નથી માંગતી ને, આમે ઝાડ ફૂલોથી લચી પડ્યું છે તો આપને! ખુશ્બુ: હા ફૂલ તો બહુ બધા થયા છે પણ તને ખબર છે ને કે મારી કેટલી મહેનત છે એની પાછળ. સમયસર ખાતર, પાણી, કટીંગ વગેરે કરું છું એટલે! સીઝન હોવા છતાં બીજા કોઈના બંગલામાં આટલો બધો મોગરો નથી ખીલેલો દેખાતો. પૂજા કરતી વખતે ઘણા બધા ફુલ ભગવાનને ચઢાવું અને બધા ફોટા ને હાર બનાવીને નાખ્યા વગર મને સંતોષ જ નથી વળતો. રાઘવ: ડાર્લિંગ, ભગવાનને તો એક ફૂલ ધરો તોય ઘણું છે બસ ભાવ સાચો હોવો જોઈએ. બીજા ચાર ફૂલ તે છોકરીને આપીશ તો અંતે તે ભગવાનના ચરણોમાં જ જવાના છે ને! તે ચડાવ્યા શું ને તેણે ચડાવ્યા શું? ભગવાન તો એક જ છે ને! ખુશ્બુ: રાઘવ તું તારું લોજીક તારી પાસે જ રહેવા દે. રાઘવ: આમ દરવાજામાંથી કોઈને ખાલી હાથે પાછા મોકલવા ન જોઈએ. તારી પાસે ઉગેલા અને વધારાના ફૂલ માંગે છે ને.. આપણી પાસે જે છે તેમાંથી થોડુંક આપીએ એટલું તો મન મોટું હોવું જોઈએ. મેં તને સમજાવી દીધી છે, માનવું ન માનવું તારી મરજી! ખુશ્બુ: સારું કાલે આવશે માંગવા તો આપીશ બે ચાર ફૂલ તે પણ તું કહે છે માટે.. રાઘવ: હા પણ તો પછી જરા પ્રેમથી આપજે, ગુસ્સાથી ન આપતી.



**લેખિકા: પુનમ શાહ -મુંબઈ.**

બીજા દિવસે સવારે તે છોકરી આવી જ. અંદરથી ગુસ્સો તો આવતો હતો પણ રાઘવે કહ્યું હતું માટે આપવા હતા. નાની થેલીમાં થોડા ફૂલ આપ્યા અને સાથે કહી દીધું કાલથી આવતી નહીં આજે આપી દીધા! છોકરી: માઇ, મને અઠવાડિયા માટે રોજ ફૂલ જોઈએ છે. આપજો ને.. આપશો ને? ખુશ્બુ: આઠ દિવસ? રોજ? શા માટે? છોકરી: પેલા ખૂણામાં મહાદેવનું મંદિર છે ને ત્યાં મા એ આઠ દિવસ સુધી ફૂલ ચડાવવાની માનતા માની છે. ખુશ્બુ: માનતા માનવા માટે ફૂલ માંગીને લે છે? બાર ફુલવાળા બેસેલા જ હોય છે ને તેની પાસેથી ન લેવાય? પાંચ દસ રૂપિયા નો તો સવાલ છે! છોકરીનું મોઢું નાનું થઈ ગયું. માઇ, રોજ આટલા પૈસા ક્યાંથી લાવવા? ખુશ્બુ: પૈસા નથી તો માનતા માનવી જ શું કામ? છોકરી કાઈ ના બોલતા ફૂલ લઈને નીકળી ગઈ. હવે ખુશ્બુને એમ થયું કે જરૂરથી વધારે જ બોલાઈ ગયું. આટલું મોટેથી અને ગુસ્સો કરીને બોલવાની જરૂર નહોતી. એ પણ બે પૈસાના ફૂલ માટે થઈને! આજે ઉગેલા ફુલ જો તોડી ન લઈએ તો કાલે કરમાઈ જવાના જ છે ને, તો પછી એને આપ્યા તો એમાં શું મોટી ધાડ મારી. બારીમાંથી તેનું ધ્યાન મોગરાના ઝાડ તરફ ગયું તે પણ નારાજ થઈને નમી ગયેલું લાગતું હતું. જવા દે કાલની વાત કાલે એમ બોલતી તે કામે લાગી ગઈ.



બીજે દિવસે છોકરી પાછી આવીને ઊભી રહી ગઈ. આજે તેને જોઈને હાશ થઈ. તેણે બહાર આવીને કહ્યું 'ક્યાં રહે છે તું?' છોકરી: આ ગામની થોડે દુર પેલી જુની નિશાળ છે ને ત્યાં.. ખુશ્બુ: ઘરમાં કોણ કોણ છે? છોકરી: મા બાપ, મોટી બહેન, બે ભાઈ અને દાદી પણ.. ખુશ્બુ: સારું સારું.. આ લે ફૂલ અને નીકળ. આઠ દિવસ સળંગ તે છોકરીને ફૂલ આપ્યા બાદ- હું કાંઈ બહુ મોટું કામ કરું છું, મદદ, દાન ધર્મ જેવું, એમ વિચારીને ખુશ્બુ ના મોઢા પર સહેજ અભિમાનની રેખા ઉમટી આવી હતી. તેને ફોકટમાં ફૂલ આપ્યા છે એટલે ભગવાન પણ મારા પર ખુશ હશે જ. મેં ફૂલ આપ્યા તેથી તેની માનતા પૂરી થઈ નહીં તો પૈસા ક્યાં હતા તેટલા ફૂલ લેવા માટે.. એવા વિચારોમાં હતી ત્યાં જ રાઘવ આવ્યો અને પૂછ્યું શું વિચારે છે એકલી એકલી? ખુશ્બુ: રાઘવ, તે છોકરી આઠ દિવસ સળંગ આવી પણ છેલ્લા દસ-બાર દિવસથી મોઢું બતાવવાય નથી આવી. રાઘવ: હવે શું કામ આવશે. તેને તો માત્ર આઠ દિવસ માટે જ ફુલ જોઈતા હતા ને.. આમેય ફૂલ માંગવા આવે એ તને ગમતું ન હતું. ખુશ્બુ: પણ એકવાર આવીને આભાર તો માનવો જોઈએ ને એણે! લોકો કરેલા ઉપકાર ભૂલી જાય છે એટલે જ કોઈને કંઈ આપવું ન જોઈએ. તે કહ્યું એટલે મેં તેને ફૂલ આપ્યા. થોડીવાર થઈને બહારથી અવાજ આવ્યો 'માઇ, માઇ..' તે છોકરી દરવાજે ઉભી હતી. ખુશ્બુ: આજે પણ ફૂલ જોઈએ છે ને તને? પહેલાથી જ કહી દઉં છું નથી આપવાની, આમ પણ હવે ફુલ ઓછા થઈ ગયા છે, મને એટલા પૂજામાં જોઈએ છે. છોકરી: ના ફૂલ નથી જોઈતા. હું તો આ આપવા આવી છું. હાથમાં મેલુ કપડું એની અંદર લપેટેલું કંઈક ખોલીને બતાવતા તે બોલી મારી મોટી બહેનને બાળક આવવાનું હતું. તે બધું સુખરૂપ પાર પડે એવી માનતા મા એ શંકરના મંદિરે માંગી હતી. તમે ફૂલ આપ્યા એટલે માની માનતા પૂરી થઈ. મોટી બેન ને દીકરો થયો. મારો બાપુ પથ્થર ફોડવાનું અને મૂર્તિ બનાવવાનું કામ કરે છે તેણે તમારા માટે આ બનાવી છે. તમારો ઉપકાર જનમભર નહીં વિસરાય એમ તેણે કહ્યું છે અને મા બોલી કોઈની પાસે મફતમાં કાંઈ ન લેવાય, આપણાથી થાય એ રીતે એને પાછું વાળવું જ રહ્યું.. તો આ લ્યો, ખુશ્બુ એ કપડામાંથી કાઢેલી મૂર્તિ હાથમાં લઈને જોઈ. અતિશય સુંદર નાક નક્ષથી કોરાયેલી,તેજસ્વી શંકર ભગવાનની મૂર્તિ! ખુશ્બુ ભાવવિભોર થઈ ગઈ. તે કંઈ કહેવા જાય તે પહેલા તો છોકરી ત્યાંથી નીકળી ગઈ હતી. આભાર નો શબ્દ સાંભળવાય ન ઉભી રહી.

ખુશ્બુની આંખો ભરાઈ આવી. આપણે કેટલા આડંબર ભર્યા, સંકુચિત માનસના ઠર્યા એની સામે.. એક જ ક્ષણમાં એ જીવન વિશે કેટલું કહી ગઈ. એની કૃતજ્ઞતા સામે હું વામણી ઠરી. તેણે બોલ્યા વગર ઘણું કહી દીધું. તે જ વખતે હવાની દિશા બદલાઈ સાથે મોગરાની સુગંધ આખા આંગણામાં ફેલાઈ ગઈ. લાગી રહ્યું હતું કે રોજ કરતા વધારે ફૂલ ફૂલી આવ્યા અને અંતે મારા મનનો મોગરો પણ ખીલ્યો..

## જન્માષ્ટમી ઉજવણીના પ્રારંભરૂપે બ્રહ્મસેના દ્વારા રવિવારે શ્રીકૃષ્ણ પૂજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.પ

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણી અંતર્ગત સામાકાઠે પાણીના ઘોડા પાસે પેડક રોડ ખાતે આ વર્ષે પણ ભવ્ય ઉજવણી કરાશે.

બ્રહ્મસેના પ્રેરીત હિન્દુ મહોત્સવ સમિતિ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણજીનું પૂજન તા.૭ ના રવિવારે સાંજે ૫ થી ૬ સભ્ય સ્નેહ મિત્રો દ્વારા કરાશે. ચંપકનગર-૩ ની બાજુની શેરી 'યશોધન' પાણીના ઘોડા પાસે પેડક રોડ ખાતે યોજાયેલ આ પૂજનમાં ઉપસ્થિત બ્રહ્મસેના સ્થાપક અધ્યક્ષ જગદીશ રાવલ મો.૯૪૨૬૯ ૫૦૦૩૨ દ્વારા અનુરોધ કરાયો છે.

## કેશોદમાં વિનામૂલ્યે ડાયાબિટીસ બ્લડપ્રેશર કેમ્પનું આયોજન થયું



**(ગોવિંદ હડીયા દ્વારા)**

કેશોદ, તા.પ

કેશોદમાં ડો. સાંગાણી હોસ્પિટલ દ્વારા દર મહીને ફ્રી ડાયાબિટીસ બ્લડપ્રેશર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં સાંગાણી હોસ્પિટલ દ્વારા પોલીસ સ્ટાફ માટે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ડાયાબિટીસ બ્લડપ્રેશરની ડો. સાંગાણી દ્વારા ફ્રી તપાસ ફ્રી લોહીના રીપોર્ટ તથા ૧૦ થી ૧૫ દિવસની ફ્રીમાં દવાઓ પણ આપવામાં આવી હતી. આ કેમ્પ સ્પેશિયલ પોલીસ સ્ટાફ માટે રાખવામાં આવ્યો હતો પણ રોજનાં રૂટિંગ દર્દીઓને પણ ફ્રીમાં તપાસીને જરૂરી દવા પણ ફ્રી આપવામાં આવી હતી. હવે ફૌજી ભાઇઓ માટે પણ ફ્રીમાં કેમ્પ રાખવામાં આવશે તેમ ડો. રાજેશ સાંગાણી દ્વારા જણાવવામાં આવ્યું હતું સાંગાણી હોસ્પિટલમાં માં કાર્ડ દ્વારા અનેક ઓપરેશન ફ્રીમાં થાય છે. જુનાગઢ જિલ્લાની બેસ્ટ હોસ્પિટલનો એવોર્ડ પણ મળેલ છે.

## ફ્રેન્ડશીપ ડે નિમિતે રવિવારે ઓશો સત્યપ્રકાશ ધ્યાન મંદિર ખાતે એક દિવસીય ધ્યાન શિબિર યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.પ

ઓશો સત્યપ્રકાશ ધ્યાન મંદિર ૪ વૈદવાડી, ગોંડલ રોડ ખાતે આગામી તા.૭મીના રવિવારે ફ્રેન્ડશીપ ડે નિમિતે એક દિવસીય નિઃશુલ્ક ઓશોધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે તેમજ સંગીત સંધ્યા પણ યોજાશે. તા.૭મીના રવિવારે સવારે ૬ થી ૭ સક્રિય ધ્યાન (આ ધ્યાન છેલ્લા ૩૭ વર્ષોથી એક પણ દિવસ ચુકાયા વગર ધ્યાન મંદિર પર કરવામાં આવેલ છે.

સવારે ૭.૧૫ થી ૮ બેંક ફાસ્ટ સવારે ૮.૩૦ થી ૯ ગુરૂવંદના સવારે ૯ થી બપોરે ૧ દરમ્યાન ઓશો.ના વિવિધ ધ્યાન પ્રયોગો બપોરે ૧ થી ૩ મહાપ્રસાદ (હરીહર) તથા વિશ્રામ બપોરે ૩ થી ૪ ઓશો વીડિયો બપોરે ૧ થી ૩ મહાપ્રસાદ (હરીહર) તથા વિશ્રામ બપોરે ૩ થી ૪ ઓશો વીડિયો દર્શન, ૪ થી ૪.૧૫ ચા પાણી ૪.૧૫ થી રાત્રીના ૮.૩૦ દરમ્યાન કુંડલીની ધ્યાન, ઓશોના વિવિધ ધ્યાન પ્રયોગો સ્વામિ દેવ રાહુલ દ્વારા હસીવા ખેલીવા ધરીબા ધ્યાનમ સંધ્યા ધ્યાન, સ્વામિ આનંદ ઉત્સવ તે કિર્તન સાથે હૃદયાજળી પુષ્પાંજલિ રાત્રે ૮.૩૦ વાગ્યે મહાપ્રસાદ મહાપ્રસાદ બાદ રાત્રે ૯ વાગ્યે રાધીકા ગ્રુપના ઓર્ગેનાઈઝર દક્ષાજોષી તથા તૈમની ટીમના દિપ ચાવડા, એચ.કે.લીયા હર્ષિલ દ્વારા જુના તથા નવી ફિલ્મોના ગીતો, ગઝલ તો કાર્યક્રમ રાત્રે ૧૨.૩૦ વાગ્યે રાખેલ છે.

તા.૭ના ફ્રેન્ડશિપ દિવસ નિમિતે યોજેલ નિઃશુલ્ક ઓશો ધ્યાન શિબિરમાં સહભાગી થવા ઓશો સન્યાસી તથા પ્રેમીઓને હાર્દિક અનુરોધ કરેલ છે શિબિરમાં સહભાગીતા માટે નોધણી કરાવવી અત્યંત જરૂરી છે.

વિશેષ માહિતી માટે સ્વામિ સત્યપ્રકાશ (૯૪૨૭૨ ૫૪૨૭૬) રમેશભાઈ મકવાણા (સ્વામિ પ્રેમ પથીક:- ૯૭૨૫૭ ૮૧૪૭૩ સંજીવ રાઠોડ (૯૮૨૪૮ ૮૬૦૭૦)નો સંપર્ક કરવો.

## નારી વંદન ઉત્સવમાં રૂપલબેન રાઠોડનું સન્માન

**પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા પાંચ વર્ષથી અવિરત ચાલતા સેવાકાર્યની પ્રશંસા**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.પ

તાજેતરમાં રાજકોટ ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર તથા જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ દ્વારા આયોજિત નારી વંદન ઉત્સવ અંતર્ગત બેટી બચાવો, બેટી પઢાઓ દિવસની રાજ્યકક્ષાના ઉજવણી કાર્યક્રમમાં છેલ્લા પાંચ વર્ષથી હજારો દીકરીઓને નિઃશુલ્ક સેનેટરી પેડ વિતરણ કરનાર પ્રોજેક્ટ મુસ્કાનના ફાઉન્ડર મેંગોપીપલ પરીવારના રૂપલબેન મનીષભાઈ રાઠોડનું રાજયકક્ષાના મંત્રી બ્રિજેશકુમાર મેરજાના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું. જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઇ બોદર તથા કલેકટર અરૂણ મહેશ બાબુ એ પ્રોજેક્ટ મુસ્કાન દ્વારા થતા સેવાકાર્યની પ્રસંશા કરી હતી.

આ સેવાકીય કાર્યની વધુ માહિતી માટે અને યોગદાન આપવા માટે પ્રોજેક્ટ મુસ્કાનના ફાઉન્ડર મેંગોપીપલ પરીવારના રૂપલબેન મનીષભાઈ રાઠોડ (મો.૯૨૭૬૦૦૭૭૮૬) નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

### લીલીયા તાલુકાના પાંચતલાવડા શાળામાં શિક્ષકોનો અભાવ

## સરકારી પ્રા. શાળામાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવાની માંગ સાથે શિક્ષણનો કરાયો બહિષ્કાર

**(મિલાપ રૂપારેલ દ્વારા)**

અમરેલી, તા.પ

એક તરફ સ્થાનિક જિલ્લા શિક્ષણ વિભાગથી લઈને રાજય અને કેન્દ્ર સરકાર સુધી પ્રવેશોત્સવ, ભણે ગુજરાત, બેટી પઢાઓ જેવા રૂપાળા સૂત્રોના વરસાદ વચ્ચે સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની જગ્યા ખાલી હોવાથી બાળકો શિક્ષણ મેળવી શકતા નથી અને ૨૭ વર્ષથી રાજયમાં ભાજપનું શાસન છતાં પણ આરોગ્યની જેમ શિક્ષણની



**પાંચ દિવસમાં શિક્ષકોની ભરતી ન થાય તો વિદ્યાર્થીઓનાં દાખલા કઢાવી લેવાની ચીમકી**

હાલત પણ કંગાળ જોવા મળી રહી છે.

દરમિયાનમાં લીલીયા મોટા તાલુકાનાં પાંચ તલાવડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની અનેક જગ્યાઓ ખાલી હોય અવાર-નવાર રજૂઆત કરવા છતાં પણ શિક્ષકોની ભરતી કરવામાં આવતી ન હોય ગઈકાલે વાલીઓએ શાળામાં આવીને બાળકોને ઘરે પરત લઈ ગયા બાદ આજે ગામના સરપંચ પણ શાળાએ દોડી ગયા હતા અને શિક્ષકોની ખાલી જગ્યા પાંચ દિવસમાં ભરવામાં ન આવે તો બાળકોનાં દાખલા શાળામાંથી કઢાવી લેવાની ચીમકી આપવામાં આવી હતી.

સરપંચે ધો. ૪નાં બાળકોને પ્રજ્ઞાચક્ષુ શિક્ષક કેવી રીતે અભ્યાસ કરાવી શકે તેને લઈને વેધક પ્રશ્ન ઉપસ્થિત કર્યા હતા. હવે શિક્ષણ વિભાગનાં અધિકારીઓ અને પદાધિકારીઓ શિક્ષકોની ખાલી જગ્યા ભરે છે કે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

## કોટડા સાંગાણીમાં આઇ.ટી.આઇ. ખાતે એડમિશન શરૂ

**પ્રવેશ માટે શનિવાર સુધી ફોર્મ ભરી શકાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.પ

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી ખાતે ભરતી સત્ર ઓગસ્ટ-૨૦૨૨ અંતર્ગત બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવવા માટે ધો. ૧૦ પાસ ઉમેદવારોએ કોપા, મિકેનીક ડીઝલ, ઇલેક્ટ્રીશિયન તથા ધો. ૮ પાસ ઉમેદવારોએ વાયરમેન, વેલ્ડર અને સુઇંગ ટેકનોલોજી(સીવણ)ના વ્યવસાયિક કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવાનું તેમજ રજીસ્ટ્રેશન કરવાનું તા.૭ સુધી શરૂ રહેશે. રસ ધરાવતા ઉમેદવારો ભાડવા રોડ પર સુર્યમુખી હનુમાન મંદિર પાસે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૨-૭૨૭૬૦૫૦ પર સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન સંપર્ક કરી શકશે.

ઓનલાઇન ફોર્મ https://itiadmission.gujarat.gov.in પર અથવા આઇ.ટી.આઇ. કોટડા સાંગાણી ખાતે વિનામૂલ્યે ભરી શકાશે, તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા - કોટડા સાંગાણીના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

## ઉપલેટાના રહેવાસીઓને નદી વિસ્તારની આસપાસ અવર-જવર ન કરવા અંગે તાકીદ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.પ: રાજકોટ નાયબ કાર્યપાલક ઈજનેરના જણાવ્યા અનુસાર ઉપલેટાના હરીયાસણ, ચારેલીયા, ખારચીયા, રાજપરા, રબારીકા અને જાર વિસ્તારમાં અતિભારે વરસાદને કારણે ઉમિયાસાગર ડેમ સિંચાઈ યોજના મારફતે ડેમ ૧ ના દરવાજા ૦.૦૧૫ ફૂટ ખોલવામાં આવ્યા છે. જેથી સબંધિત વિસ્તારના રહેવાસીઓએ નદીના પટમાં અવર જવર કરવી નહી તેમ રાજકોટ જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની યાદીમાં જણાવાયું છે.

## સૌથી શ્રેષ્ઠ શિવલિંગ નર્મદા નદીમાંથી નિકળતા પથ્થરના ગણાય છે



**શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)**

રાજકોટ: શિવલિંગમાં અનેક પ્રકારનાં શિવલિંગ આવે છે. પરંતુ તેમાં સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ ફળ આપનાર શિવલિંગ એટલે નર્મદેશ્વર શિવલિંગ.

પૌરાણિક કથા પ્રમાણે નર્મદા નદીએ ઘણા વર્ષો સુધી તપ કરેલું અને બ્રહ્માજી પ્રસન્ન થયેલા બ્રહ્માજીએ નર્મદામૈયાને વરદાન માંગવાનું કહેલું ત્યારે નર્મદા મૈયાએ વરદાન માંગ્યું કે હું ગંગા સમાન થઇ જાવ ત્યારે બ્રહ્માજી બોલીયા કે ભગવાન શિવ- વિષ્ણુ તથા ગંગા સમાન કોઈ હોય શકે નહીં.

આ સાંભળીને નર્મદામૈયા એ વરદાનનો ત્યાગ કરેલ ત્યારબાદ નર્મદા નદી કાશીએ જઈ અને પીપલાર્થમાં શિવલિંગની સ્થાપના કરી અને તપ કર્યું. આ તપથી ભગવાન શિવ પ્રસન્ન થયા અને નર્મદામૈયાને વરદાન માંગવાનું કહ્યું ત્યારે નર્મદામૈયાએ વરદાન માંગેલું કે બસ તમારા ચરણોમાં મારી ભક્તિ બનેલી રહે. આ સાંભળીને મહાદેવજી પ્રસન્ન થયા અને વરદાન આપે છે કે, નર્મદા નદીમાં જેટલા પથ્થર છે તે શિવલિંગ સ્વરૂપ ગણાશે અને સ્વયં પ્રાણપ્રતિષ્ઠા ગણાશે.


આમ મહાદેવજીનાં વરદાનનાં કારણે સૌથી શ્રેષ્ઠ શિવલિંગ એટલે નર્મદેશ્વર મહાદેવ: કઈ રીતે શિવલિંગ ખરીદવું.

ઘરે પણ ત્રાંબા કે પીતળનાં થાળામાં નર્મદેશ્વર શિવલિંગ વસાવી અને તેની નિત્ય પૂજા અભિષેક કરી શકાય છે. ઘરમાં બે ઇંચથી વધારે મોટું શિવલિંગ રાખવું નહીં. આ શિવલિંગ ખરીદતી વખતે એ ખ્યાલ રાખવો કે નાગ અને શિવલિંગ અલગ- અલગ હોવા જોઈએ એટલે કે જોઈન્ટ નહીં.

નર્મદાનાં પથ્થરમાં આછી લાલસ હોય છે તે તેની ખાસિયત છે. અ શિવલિંગ અંગુઠાનાં સાઈઝનું એટલે કે આશરે બે ઇંચનું ૧૦૦ રૂ. થી ૩૦૦ રૂ. સુધીમાં મળી જતું હોય છે. ઘરે પણ મહાદેવજીની પૂજા કરી શકાય છે.

# પેપરલીક અને ભરતી કૌભાંડથી ત્રસ્ત યુવાનોને ન્યાય અપાવવા ઓક્ટોબરમાં 'યુવા મહાસંમેલન'

## યુવાનો માટે અવિરત લડત ચલાવનાર યુવરાજસિંહ જાડેજા આજથી વિધિવત રાજનીતિમાં સક્રિય થઇ યુવાનો માટેની લડત આગળ ધપાવશે



સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની મુલાકાત લેતા અજીત લોખીલ અને યુવરાજસિંહ જાડેજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

ગુજરાતમાં તાજેતરમાં સર્જાયેલા પેપરલીકકાંડ અને ભરતી કૌભાંડો સામે વધુ ઉગ્ર રાજ્યવ્યાપી લડતનાં મંડાણ કરવાની યુવા નેતા યુવરાજસિંહ જાડેજા અને એમની ટીમે ઘોષણા કરી છે. લાંબા સમયથી અન્યાયનો ભોગ બનેલા યુવાનો માટે લડત ચલાવતા અને ન્યાય મેળવવા માટે અવિરત પ્રયત્નશીલ યુવરાજસિંહ જાડેજાએ આજથી વિધિસર સક્રિય રાજકારણમાં ઝંપલાવવાની પણ મહત્વની જાહેરાત કરી છે અને આમ આદમી પાર્ટીનાં નેજા હેઠળ તથા અરવિંદ કેજરીવાલજીનાં આશિર્વાદ સાથે અન્યાય સામે મહાઅભિયાનનું એલાન કર્યું છે.

આમ આદમી પાર્ટીનાં અગ્રણીઓ અજીત લોખીલ, યુવરાજસિંહ જાડેજા અને એમની ટીમે આજે સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને એમના ભાવિ કાર્યક્રમોનો ખ્યાલ આપ્યો હતો. આપ નાં આગેવાનોએ જણાવ્યું હતું કે, સરકારને પેપરલીક કાંડ અને ભરતી કૌભાંડો અંગેનાં નક્કર તથા સચોટ પુરાવા આપ્યા છે અને એક્શન લેવાની ખાતરી આપ્યા છતાં સરકારે હજુ સુધી કોઈપણ પ્રકારનાં પગલા લીધા નથી. એટલે હવે આમ આદમી પાર્ટીનાં નેજા હેઠળ શિક્ષિત બેરોજગાર યુવાનોને ન્યાય અપાવવા અને બેરોજગારીનાં પ્રશ્નોને ઉજાગર કરવા માટે લડતને વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

### આમ આદમી પાર્ટીનાં દિગ્ગજ અરવિંદ કેજરીવાલ સાથે મસલત કરી એમની પ્રેરણાથી કૌભાંડો સામે પધ્ધતિસર લડતનાં મંડાણ કરશે 'આપ' નાં નેતાઓ

તેમણે જણાવ્યું હતું કે, જો સરકાર કૌભાંડકારો સામે કોઈ પગલા નહીં લ્યે તો સંભવતઃ આવતા ઓક્ટોબર મહિનામાં ગાંધીનગર ખાતે યુવા મહાસંમેલન યોજવામાં આવનાર છે. જેમાં ગુજરાતભરમાંથી વંચિત અને પીડિત યુવાનો ભાગ લેશે. એમને ન્યાય અપાવવા માટે જામનગરથી રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવશે. આપ નાં રાષ્ટ્રીય વડા અરવિંદ કેજરીવાલ જામનગર આવી રહ્યા છે. એમની સાથે મસલતો કરીને આ મુદ્દા પર ભાવિ રણનીતિ તૈયાર કરવામાં આવશે. તેમ અજીત લોખીલ અને યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, અને ગામડે- ગામડે ફરીને યુવાનોને થયેલા અન્યાયની વાત લોકો સુધી પહોંચાડશું અને કહેવાતું ગુજરાત મોડેલ કેવું છે તેની પ્રજા સમક્ષ પોલ ખોલશું.

યુવરાજસિંહ જાડેજાએ આજથી સક્રિય રાજકારણમાં પ્રવેશ કરવાની પણ મહત્વની જાહેરાત કરી હતી અને જે વોટ બેંક પર શાસકોની નજર છે એ યુવાનોને જ શાસકો કેવો અન્યાય થતો જોઈ રહ્યા છે એ હકીકત ગુજરાતનાં યુવાનો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે. એવું આપ નાં નેતાઓએ જણાવ્યું હતું. એમને બેરોજગાર યુવાનો, પીડિતો અને વંચિતો માટે લડત ચાલુ રાખવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, બિનસચિવાલય ક્લાર્ક ભરતી, હેડક્લાર્ક ભરતી વગેરેમાં કેટલા કૌભાંડો થયા છે તેમજ ઉર્જા અને આરોગ્ય વિભાગની ભરતીમાં જે કૌભાંડો થયા છે તેના આધાર પુરાવા સરકારને આપવામાં આવ્યા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ તો એવી ખાતરી આપી હતી કે, અમે એક મહિનાની અંદર કૌભાંડનાં આરોપીઓને કડક સજા કરશું અને કડકમાં કડક કાયદો પણ લાવશું. આ ખાતરી આપ્યાને ૮ મહિના વીતી ગયા છે પણ ન તો કાયદો આવ્યો છે કે ન તો કોઈને સજા થઇ છે. આ કૌભાંડ પાછળનાં આરોપીઓને પણ પકડવામાં આવ્યા નથી. ઉલ્ટું પેપરલીક કાંડ થયા બાદ ગૌણસેવા પસંદગી મંડળનાં અધ્યક્ષ આસિત વોરાને ફક્ત પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. ન તો કોઈ પૂછપરછ થઇ છે કે ન તો કોઈ પગલા લેવાયા છે. એન્જીનીયરીંગની લાયકાત ન હોય તેવાને ભરતી કરી દેવાયા છે. આરોગ્યનો નઅથ ન જાણતા હોય તેવા લોકોને આરોગ્ય સેવાઓમાં ભરતી કરી દેવાયા છે. જેના કારણે જનઆરોગ્ય ગંભીર રીતે ખતરામાં મુકાઇ છે.

તેમણે કહ્યું હતું કે, પેપરલીક કાંડ અને ભરતી કૌભાંડ કરનારા સામે કડક કાયદો લાવવામાં આવે અને દાખલારૂપ પગલા લેવામાં આવે એવી અમારી પ્રથમ માંગણી છે. બીજી માંગણી કૌભાંડથી સિસ્ટમમાં આવેલા તમામને દૂર કરવાની છે. જેથી કરીને જે ખરેખર લાયક અને હકદાર લોકો છે એમને એમની મહેનતનું ફળ મળે. તમામ મોરચે આવા કૌભાંડીઓ વિરુધ્ધ લડત ચલાવવા અને એ માટે સામાજીક આગેવાનોનું સમર્થન પણ મેળવવાની આપ નાં યુવા નેતાઓએ જાહેરાત કરી હતી.

તેમણે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે, બિનસચિવાલય ક્લાર્કનાં પેપરલીક કાંડનાં મુખ્ય સૂત્રધારને તો સજા કરવાને બદલે નિર્દોષ જાહેર કરીને

**સરકારને તમામ કૌભાંડોનાં નક્કર, સચોટ, લેખિત અને વીડિયો પુરાવા આપ્યા છતાં કોઈ એક્શન લેવાતા ન હોવાનો આપ નાં નેતાઓનો ગંભીર આક્ષેપઃ હવે આજથી જ ગામડે- ગામડે ફરીને અન્યાયનો ભોગ બનનાર યુવાનો માટે ન્યાય મેળવવા કૌભાંડો સામેની લડત ઉગ્ર બનાવાશે**

છોડી દેવામાં આવ્યો હતો. પરીક્ષા રદ કરીને કૌભાંડનાં મળતિયા, આશ્રીતો અને વગદાર લોકોને સિફતપૂર્વક બચાવી લેવામાં આવ્યા છે. ગુજરાતનાં ગૃહમંત્રીનાં પોલીસ વડાને પણ અમે પુરાવા આપ્યા છે છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જે સતા પક્ષની માનસિકતા સ્પષ્ટ કરે છે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# જી.પંચાયતના સદસ્યોની શરતચૂક, ફ્લેગ ટેગ ઉંધા લગાડી દીધા...



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટ.તા.૫ આઝાદીના ૭૫માં વર્ષગાઠ નિમિત્તે ઉજવવામાં આવી રહેલ આઝાદી ના અમૃત મહોત્સવ અંતર્ગત ૧૩ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૨ સુધી હર ઘર તિરંગા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેમાં દરેક વ્યક્તિએ પોતાના ઘરે તિરંગો ફરકાવવાનો છે. વડાપ્રધાન દ્વારા હર ઘર તિંરગા અભિયાન શરૂ કરાવ્યું છે. સમગ્ર દેશને તેમા જોડાવા આહ્વાન કરવામાં આવ્યું છે. ત્યારે આજે આજ રોજ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ચેરમેનો, સદસ્યોને ફ્લેગ ટેગ લગાડવા માટે આપ્યા હતા.જેથી એક મેસેજ લોકો સુધી પહોંચી શકે પરંતુ અનેક સદસ્યોએ શરતચુકથી ટેગ ઉંધા લગાડી દીધા હતા. ટેગ ઉંધા લગાવીને અનેમ સદસ્યો સામાન્ય સભામાં પહોંચી ગયા હતા ત્યા સુધી ખબર પડી ન હતી પરંતુ જેમ જેમ ખબર પડતી ગઇ તેમ ચાલુ સભાએ ટેગ સરખા કરતા જોવા મળ્યા હતા. અને ટેગ ઉંધા લગાડતા તરહ તરહની ચર્ચાઓ પણ થવા લાગી હતી.(૫) (તસવીરઃ પંકજ ડાભી)

# રાજકોટ બન્યુ હિલસ્ટેશનઃ વહેલી સવારથી અવિરત ધીમીધારે વરસાદ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

### આજથી રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વરસાદનું જોર રહેશે

મોન્સૂન ટ્રફ તેની નોર્મલ પોઝિશનથી દક્ષિણ તરફ વળતા આજથી ચોમાસું સક્રિય થશે. ત્રણ દિવસ સુધી મધ્યમથી ૩ ઈંચ સુધીનો વરસાદ પડવાની સંભાવના છે. ચોમાસાને હજુ બે મહિના બાકી છે. ત્યારે આ બે મહિના જૂન-જુલાઈ જેવો જ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. વધુમાં હવામાન ખાતાના જણાવ્યાનુસાર રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આજથી વરસાદનું જોર રહેશે. તેમજ કેટલાક વિસ્તારોમાં ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. આ સિવાય ૬ અને ૭ ઓગસ્ટના રોજ સૌરાષ્ટ્ર-કચ્છમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ૮ ઓગસ્ટના રોજ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

રાજકોટઃ હવામાન વિભાગની આગાહી મુજબ આજે ફરી રાજકોટમાં વહેલી સવારથી ધીમીધારે વરસાદ શરૂ થયો છે. સતત ધીમીધારે વરસાદ વરસતા સવારમાં કામ પર જતા લોકો પરેશાન બન્યા હતા. વરસાદથી રસ્તાઓ પર પાણી વહી રહ્યા છે. શહેરમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. આથી લોકોએ ફરજિયાત રેનકોટ પહેરવાની નોબત આવી છે. છેલ્લા ત્રણ દિવસથી અસહ્ય બફારાથી કંટાળેલા લોકોએ આજે વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા ગરમીમાંથી રાહત અનુભવી રહ્યા છે. ધીમીધારે વરસાદથી હિલ સ્ટેશન જેવો માહોલ જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી આજે રાજકોટ શહેર અને જિલ્લામાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા. બાદમાં ધીમીધારે અવિરત વરસાદ વરસી રહ્યો છે. શહેરના રેસકોર્સ રિંગ રોડ, મોરબી રોડ, ગ્રીનલેન્ડ ચોકડી, આજીડેમ ચોકડી, કાલાવડ રોડ, ઢેબર રોડ, ગોંડલ રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, મવડી, માધાપર ચોકડી, જામનગર રોડ સહિતના વિસ્તારોમાં વહેલી સવારથી જ ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે.

# બે વર્ષમાં છપ્પન લાખ સ્માર્ટ પ્રિ-પેઈડ મીટર લગાડાશે



### પ્રથમ તબક્કામાં અમૃત સિટી, સરકારી કચેરીઓ અને ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર પરના મીટર, ફિડર મીટર વગેરેનો સમાવેશ

### વીજબિલ ભરવાની લાઈનમાં ઉભા રહેવામાંથી મુક્તિ મળશે, વીજગ્રાહક પોતાના મોબાઈલ એપથી સીધું રિચાર્જ કરી શકશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
નવી દિલ્હી, તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૩૦/૭/૨૦૧૨ ના રોજ વેમ્પિડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કીમ આરડીએસએસ લોન્ચ કરવામાં આવી. તેના ભાગરૂપે પીજીવીસીએલ દ્વારા કેન્દ્ર સરકારના ઉપક્રમ આરઇસીહેઠળની આરઇસીપીડીસીએલ સાથે દરેક વીજ ગ્રાહકોને ત્યાં સ્માર્ટ પ્રિ-પેઇડ મીટર લગાડવા માટે એમઓયુ (મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ) ગઇકાલ તા. ૪દિલ્હી મુકામે કરવામાં આવ્યું, જેમાં પીજીવીસીએલ ના મેનેજિંગ ડિરેક્ટર વરૂણકુમાર બરનવાલ અને ચીફ એન્જિનિયર આર.જે. વાળા ઉપસ્થિત હતા. આરઇસીના એક્ઝિક્યુટીવ ડાયરેકટર આર, લક્ષ્મન, આરઇસીપીડીસીએલના ચીફ જનરલ મેનેજર એસ.સી. ગર્ગ અને જનરલ મેનેજર આલોકસિંહ સર્વે ઉપસ્થિત હતા.

પીજીવીસીએલ દ્વારા આવતા બે વર્ષમાં છપ્પન લાખ સ્માર્ટ પ્રિ-પેઇડ મીટર લગાડવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ તબક્કામાં અમૃત સિટી, સરકારી કચેરીઓ અને ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર પરના મીટર, ફિડર મીટર વગેરેનો સમાવેશ કરેલ છે.

આ સ્માર્ટ પ્રી-પેઈડ મીટરના ફાયદાઓ વીજગ્રાહકોના ગ્રાહક પોતાના વીજવપરાશનું નિયમન કરી શકશે, પોતાના વીજ વપરાશને કાયમી જાણી શકશે, ટાઈમ ઓફ ડેઈટ ટીઓડી ટેરીફથી ભવિષ્યમાં ગ્રાહકને ફાયદો થશે, ગ્રાહકને વીજબિલ ભરવાની લાઈનમાં ઉભા રહેવામાંથી મુક્તિ મળશે, રીયલ ટાઈમ કંઝાન અને બિલ મોનીટરીંગ, વીજગ્રાહક પોતાના મોબાઈલ એપથી



સીધું રિચાર્જ કરી શકશે, વપરાશની માહિતી મોબાઈલમાં જાણી શકાશે, વીજબીલમાં બચત, મીટર રીડરને ઘરની અંદર રીડીંગ માટે પ્રવેશ આપવામાંથી મુક્તિ અને મોબાઈલ એપ આધારિત જુદી-જુદી સર્વિસીસ વીજગ્રાહકોને આપી શકાશે. તેમ જણાવ્યું છે. (૧૩)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.